RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 429 Dt. 15-09-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# સુપ્રીમ કોર્ટના ચુકાદા સાંભળીને સમજી શકાશે

## સમજાય તેવી સરળ હિન્દીમાં આદેશનું ઓડિયો-વીડિયો બુલેટિન જાહેર થશે ; હિન્દી દિવસ પર જન સૂચના સેવાની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૪

સુપ્રીમ કોર્ટે હિન્દી દિવસના અવસરે ટૂંક સમયમાં 'જન સૂચના સેવા' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત કોર્ટના મોટા ચુકાદા અને આદેશોનો સાર સરળ હિન્દીમાં નાના ઓડિયો અને વીડિયો બુલેટિન દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવશે. ટલે કે, જે લોકોને કાયદાકીય ભાષામાં લખેલા નિર્ણયો વાંચવામાં અને સમજવામાં મુશ્કેલી પડે છે, તેઓ તેમને સાંભળીને અને જોઈને પણ સમજી શકશે. આ પહેલનો હેતુ સુપ્રીમ કોર્ટના નિર્ણયોને સામાન્ય લોકોની સમજમાં લાવવાનો છે.જન સૂચના સેવાની શરૂઆત હિન્દીથી થશે અને પછીથી આ સેવા બીજી ભારતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોર્ટે આ પહેલમાં દિવ્યાંગજનો સુધી ન્યાયિક જાણકારીની સરળ પહોંચને પણ ખાસ મહત્વ આપ્યું છે.

શું સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અત્યાર સુધી હિન્દીમાં મળતા ન હતા, સેવા'માં શું મળશે?



તેવા પ્રશ્નનો જવાબ જોઈએ તો સુપ્રીમ કોર્ટના મહત્વના ચુકાદાઓ અને આદેશોનો સાર સરળ હિન્દીમાં જણાવવામાં આવશે. આ માટે નાના ઓડિયો અને વીડિયો બુલેટિન તૈયાર કરવામાં આવશે, જેથી લોકો જટિલ કાનૂની ભાષામાં ગયા વિના ચુકાદાની મુખ્ય વાત સમજી શકે.એવું નથી. સુપ્રીમ કોર્ટના ઘણા નિર્ણયોના હિન્દી સંસ્કરણો પહેલાથી જ ઉપલબ્ધ કરાવવામાં આવતા રહ્યા છે. કોર્ટની વેબસાઇટ પર હિન્દીમાં કન્ટેન્ટ પણ ઉપલબ્ધ છે.નવી પહેલમાં ફરક એ છે કે નિર્ણયોને ફક્ત ટ્રાન્સલેશનના રૂપમાં આપવાને બદલે સરળ અને બોલચાલની હિન્દીમાં ઓડિયો-વિડિયો દ્વારા સમજાવવામાં આવશે.બંધારણના અનુચ્છેદ ૩૪૮ હેઠળ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની કાર્યવાહીની ભાષા અંગ્રેજી છે. કોર્ટના સત્તાવાર નિર્ણયો અને આદેશો માટે પણ અંગ્રેજીની વ્યવસ્થા લાગુ છે.

જોકે, સામાન્ય લોકો સુધી ન્યાયિક જાણકારી પહોંચાડવા માટે ભારતીય ભાષાઓમાં અનુવાદ અને બીજી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી રહી છે. કોર્ટના નિર્ણયોમાં કાનૂની શબ્દાવલી અને જટિલ ભાષાનો ઉપયોગ થાય છે. આવી સ્થિતિમાં સામાન્ય વ્યક્તિ માટે નિર્ણય વાંચીને તેનો અર્થ સમજવો મુશ્કેલ બની શકે છે.સરળ હિન્દીમાં ઓડિયો-વીડિયો બુલેટિનથી લોકોને ચુકાદાની મુખ્ય વાત અને તેનો અર્થ ઝડપથી સમજવામાં મદદ મળશે. આનો ફાયદો સામાન્ય નાગરિકોની સાથે-સાથે વકીલો અને એવા લોકોને પણ થશે જેમને કાયદાકીય અંગ્રેજી સમજવામાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને દિવ્યાંગજનો માટે પણ આ સેવા ન્યાયિક માહિતી સુધી પહોંચ સરળ બનાવશે. શું સેવા ફક્ત હિન્દીમાં રહેશે? તેવા પ્રશ્નનો ઉત્તર જોઈએ તો, ના. શરૂઆત હિન્દીથી કરવામાં આવશે, પરંતુ પછીથી અન્ય ભારતીય ભાષાઓમાં પણ તેનો વિસ્તાર કરવામાં આવશે. આનાથી જુદા જુદા રાજ્યોના લોકો માટે સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ ચુકાદાઓને સમજવા સરળ બનશે.સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર હિન્દીમાં કન્ટેન્ટ અને હિન્દીમાં ચુકાદાઓની સુવિધા પહેલેથી જ ઉપલબ્ધ છે. નવી પહેલની ખાસિયત એ છે કે મહત્વપૂર્ણ ચુકાદાઓને સરળ ભાષામાં ઓડિયો અને વીડિયો દ્વારા સમજાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ જ તેને સામાન્ય લોકો માટે અલગ અને વધુ ઉપયોગી બનાવે છે.

### ટેમ્સના કિનારે પહેલી જ વાર 'ગંગા-આરતી' યોજવામાં આવી

### આ ભવ્ય આયોજનમાં બ્રિટિશરો સહિત હજ્જારો લોકોએ ભાગ લીધો

# લંડનમાં ગંગા-આરતી

## ટેમ્સ નદીના કિનારે અદ્ભુત દ્રશ્ય

નવી દિલ્હી, તા.૧૪

ભારતનાં કાશી અને હરિદ્વાર પછી લંડનમાં ટેમ્સ નદીના તટ ઉપર રવિવારે પહેલી જ વાર 'ગંગા-આરતી' યોજાઈ હતી. તેમાં હજ્જારો હિન્દુઓએ તો ભાગ લીધો જ હતો પરંતુ સાથે કેટલાએ બ્રિટિશરો પણ જોડાયા હતા. પ્રકાશ-ઉત્સવ નામથી આયોજિત આ કાર્યક્રમનું આયોજન ચિન્મય-મિશન-યુ.કે. દ્વારા કરવામાં આવ્યું હતું. તે યુ.કે.ના ટોરલી-ટેમ્સના વાર્ષિક ઉત્સવની સાથે આયોજિત કરાયું હતું.



યોગાનુયોગ રવિવાર તા. ૧૩ સપ્ટેમ્બરે યુ.કે.માં ચિન્મય-મિશનની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરાં થયાં. તે ઉપલક્ષ્યમાં દુનિયાભરમાં ચિન્મય-મિશને વિવિધ કાર્યક્રમો આયોજિત કર્યા હતા. તેના ભાગરૂપે આ ટેમ્સ-આરતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે ગંગા-તટ પર થતી પ્રસિદ્ધ આરતીને અનુસરી યોજાયો હતો.

ચિન્મય-મિશન યુકેના શિક્ષિકા બ્રહ્મચારીણી શ્રીપ્રિયા ચૈતન્યએ કહ્યું હતું કે પેઢીઓથી, શ્રધ્ધાળુઓ ગંગા તટ ઉપર દીપ પ્રજવલિત કરી મા ગંગાની આરાધના કરી રહ્યા છે અને દીપ-પ્રજવલિત કરી મા ગંગાની આરાધના કરવા સાથે પ્રકૃતિ અને જીવનની એકરૂપતાને સ્વીકારી દિવ્ય શક્તિઓ પ્રત્યે પોતાની શ્રધ્ધા અને કૃતજ્ઞાતા દર્શાવતા આવ્યા છે. તેઓએ વધુમાં કહ્યું : અમારા સંસ્થાપક સ્વામી ચિન્મયાનંદજીએ વેદાંતના જ્ઞાન અને આધ્યાત્મિક સંદેશને હિમાલયની પવિત્રભૂમિથી જન-જન સુધી પહોંચાડી તેને દૈનિક જીવનનો ભાગ બનાવવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. આ દિવ્ય વિરાસતને આગળ ધપાવનાર ચિન્મય મિશનને ૭૫ વર્ષ પુરાં થયાંના અવસરે આયોજિત આ સમારોહ જ્ઞાન, સેવા અને કૃતજ્ઞાતાની તે પવિત્ર ધારાનો પણ ઉત્સવ છે. જે ભૌગોલિક સીમાઓ વટાવી સતત પ્રવાહિત થઇ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે આરતી કરનારાઓએ ટેમ્સમાં પુષ્પો પણ નાખ્યા ન હતાં. ટેમ્સની શુધ્ધતા અક્ષુણ્ણ રહી હતી.

### FATFથી બચવા નાપાકનો નવો પેંતરો : ગ્લોબલ ટેરરિસ્ટ મસૂદ અઝહરને લઈને મોટું એલાન

# આતંકી મસૂદ પર ૭૦ લાખનું ઈનામ જાહેર

નવી દિલ્હી, તા.૧૪

યનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફોર્સ(FATF)ની ઑક્ટોબરમાં થનારી પ્લીનરી પહેલાં પાકિસ્તાને એક નવો પેંતરો ખેલ્યો છે. વૈશ્વિક દબાણ વચ્ચે પાકિસ્તાને આતંકવાદી સંગઠન જેશ-એ-મોહમ્મદના સરગના અને ગ્લોબલ ટેરરિસ્ટ મસૂદ અઝહરને લઈને મોટું એલાન કર્યું છે. પાકિસ્તાનની ફેડરલ ઇન્વેસ્ટિગેશન એજન્સી(FIA)એ પોતાની મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની રેડ બુક જારી કરી છે, જેમાં મસૂદ અઝહર પર ૭૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.



દર ૫ વર્ષે જાહેર થતી આ રેડ બુકમાં મસૂદ અઝહરનું નામ સામેલ કરવામાં આવ્યું છે. નિષ્ણાતો અને રક્ષા ક્ષેત્રના જાણકારોનું માનવું છે કે, પાકિસ્તાને આ પગલું માત્ર આંતરરાષ્ટ્રીય સમુદાય અને FATFની આંખમાં ધૂળ નાખવા માટે ભર્યું છે, જેથી તે ફાયનાન્શિયલ ઍક્શન ટાસ્ક ફોર્સની કડક કાર્યવાહીથી બચી શકે.મસૂદ અઝહરને લઈને પાકિસ્તાન પહેલા પણ આવા દાવા કરતું આવ્યું છે. ૨૦૨૧માં FATFની ગ્રે લિસ્ટમાંથી નીકળવા અને મસૂદ અઝહર સામે કાર્યવાહી અંગેના સવાલો વચ્ચે પાકિસ્તાને દાવો કર્યો હતો કે તે દેશમાંથી ગાયબ થઈ ગયો છે અને અફઘાનિસ્તાનમાં છે. તે જ વર્ષે FIA એ મસૂદ અઝહર પર ૫૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. હવે ૫ વર્ષ બાદ જારી થયેલી નવી રેડ બુકમાં આ રકમ વધારીને ૭૦ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. કિસ્તાન સતત દાવો કરતું રહ્યું છે કે મસૂદ અઝહર પાકિસ્તાનમાં નથી, પરંતુ અફઘાનિસ્તાનમાં છે. આવી સ્થિતિમાં તેના પર વધારાના ઈનામની જાહેરાતે પાકિસ્તાનની કાર્યવાહી પર સવાલ ઊભા કરી દીધા છે. બીજી તરફ તાજેતરમાં જ અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના આ દાવાને સંપૂર્ણપણે ફગાવી દીધો હતો અને સ્પષ્ટ કર્યું હતું કે મસૂદ અઝહર અફઘાનિસ્તાનની સીમામાં હાજર નથી.

### ઓપરેશન સિંદૂરમાં બહાવલપુરમાં કાર્યવાહી

મસૂદ અઝહરનું નામ ભારત વિરોધી આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલું રહ્યું છે. ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાએ બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલયને નિશાન બનાવીને કાર્યવાહી કરી હતી.હવે ત્રઅઝત્રઞ્ની ઑક્ટોબર પ્લીનરી પહેલા જ મસૂદ અઝહર પર ૭૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવતા પાકિસ્તાનની દાનત સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. સવાલ એ છે કે શું આ કાર્યવાહી ખરેખર મસૂદ અઝહરને પકડવાનો પ્રયાસ છે કે પછી FATF સમક્ષ કાર્યવાહીનો માત્ર દેખાડો?

# દુનિયામાં તેલ સંકટ વધવાનું જોખમ

## સઉદી પાઈપલાઈન ડ્રોન એટેક : જો સમયસર પાઈપલાઈન નહીં સુધારાય તો તેલની ચાર ટકા ઘટ ચાલુ રહેશે

નવી દિલ્હી, તા.૧૪

ધ્ય પૂર્વના યુદ્ધની અસર સઉદી અરેબિયા પર જોવા મળી રહી છે, જ્યાં ડ્રોન હુમલાથી મુખ્ય તેલ પાઈપલાઈન અને પમ્પિંગ સ્ટેશન તબાહ થયા છે. સેટેલાઇટ તસવીરોમાં આ નુકસાન સ્પષ્ટ દેખાય છે. જાણકારોનું માનવું છે કે ઈરાન સમર્થિત હુથીઓએ આ હુમલો કર્યો છે. જો આ પાઈપલાઈન સમયસર સુધારવામાં નહીં આવે તો વૈશ્વિક તેલ પુરવઠામાં ૪%નો ઘટાડો ચાલુ રહેશે.

મધ્ય પૂર્વનાં યુધ્ધની અસર સઉદી અરબસ્તાન ઉપર પડી રહી છે. તેનું તેલ રાતા સમુદ્ર ઉપરનાં બંદરો સુધી પહોંચાડતી પાઇપલાઇન તથા મુખ્ય પંપીંગ સ્ટેશન ડ્રોન એટેકથી તબાહ થઈ ગયાં છે. જાણકારોનું તારણ છે કે હુથીઓને ઈરાનનું પીઠબળ છે. તેથી તેમણે જ આ હુમલો કરી દુનિયામાં તેલ-સંકટ વધારવા પગલાં લીધાં છે. એક્ષપર્ટનું



કહેવું છે કે જો ટૂંક સમયમાં આ પાઇપલાઇન સમી નહીં થાય તો દુનિયાના તેલ પૂરવઠામાં વધુ ૪ ટકાનો કાપ આવશે.

રવિવારે રાત્રે પ્રસિદ્ધ કરાયેલી આ તસ્વીરોમાં સઉદીની ઇસ્ટ વેસ્ટ પાઇપલાઇન તથા પંપીંગ સ્ટેશન તબાહ થયેલું દેખાય છે. પમ્પીંગ સ્ટેશનમાં તો આગ લાગી હોવાનું પણ ચોખ્ખું દેખાય છે.

એક મત પ્રમાણે આ એટેક ઈરાનનું પીઠબળ પામેલા હુથીઓએ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. તો બીજુ તારણ તે છે કે ઇરાકમાં રહેલા ઉગ્રવાદીઓએ છોડેલા ડ્રોનથી આ તબાહી મચી છે.

યમનના પર્વતીય પ્રદેશોમાં રહેલા આ હુથીઓ હવે એટલા બળવાન બની ગયા છે કે તેઓ અમેરિકા તરફી રહેલા સઉદી અરબસ્તાનના અનેક વિધ સ્થાનો ઉપર ધાર્યા હુમલા કરતા રહે છે. રાતા સમુદ્રમાંથી એડનના અખાતમાં જતી સમુદ્ર ધૂની બાબ-અલ- મંડલ ઉપર તો તેમણે લગભગ કબજો જમાવી દીધો છે અને રાતા સમુદ્રમાંથી આવતા સઉદીના તેલવાહક જહાજો ઉપર હુમલા કરે છે. આથી તેલનો વૈશ્વિક પુરવઠો ખોરવાયો છે. રવિવારે ઇન્ટરનેશનલ બેન્ચ માર્ક પ્રમાણે બ્રેન્ટ ક્રૂડમાં ૩.૪%નો વધારો થઈ બેરલ દીઠ કિંમત ૧૦૮ ડોલર પહોંચી છે. એ પછી આ ભાવ સૌથી ઊંચા સ્તરે પહોંચ્યા છે. હોર્મુઝ તો બંધ જ છે. હવે બાબ-અલ- મંડલ બંધ થયું. તેમાં સઉદી પાઇપલાઇન તૂટી પમ્પીંગ સ્ટેશન પણ તૂટયું. તેલના ભાવ ઉંચકાતા જ જશે.

### રાજસ્થાન સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી

# ભાજપનો ભવ્ય વિજય, કોંગ્રેસની મજબૂત ટક્કર

## ભાજપે ૪,૦૦૦ થી વધુ વોર્ડમાં જીત મેળવી, ૧૦માંથી ૫ નગર નિગમો પર કબજો જમાવ્યો : દિગ્ગજોના ગઢમાં ભાજપને ફટકો: વસુંધરા રાજે અને અર્જુનરામ મેઘવાલના વિસ્તારમાં હાર

## કોંગ્રેસને આંતરિક જૂથબંધી નડી, ખેડૂત પ્રભાવિત વિસ્તારોમાં અપક્ષોનો દબદબો : ખામીને કારણે પારદર્શિતા જાળવવા ૧૦ મતદાન મથકો પર ૧૬ સપ્ટેમ્બરે ફરી મતદાન



નવી દિલ્હી

રાજસ્થાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટી (BJP) એ શાનદાર પ્રદર્શન કરી બહુમતી વિસ્તારોમાં પોતાનો દબદબો સાબિત કર્યો છે. સમગ્ર રાજ્યમાં ભાજપે ૪,૦૦૦ થી વધુ વોર્ડમાં વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસ ૩,૪૫૦ થી વધુ અને અપક્ષ ઉમેદવારો ૨,૪૦૦ થી વધુ વોર્ડ જીતવામાં સફળ રહ્યા છે. આ ચૂંટણીમાં નાના શહેરો અને આદિવાસી પટ્ટામાં ભાજપને મોટી સફળતા મળી છે, જ્યારે ખેડૂત પ્રભાવિત વિસ્તારોમાં અપક્ષ ઉમેદવારોએ સારું જોર બતાવ્યું છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ આ ઐતિહાસિક જીત બદલ કાર્યકરોની મહેનતને બિરદાવી જનતાનો આભાર માન્યો છે.

રાજ્યના ૧૦ નગર નિગમોમાંથી ભાજપે ૫ માં સ્પષ્ટ વિજય પ્રાપ્ત કર્યો છે, કોંગ્રેસને ૧ માં જીત મળી છે અને ૪ નગર નિગમોમાં પરિણામ ત્રિશંકુ આવ્યું છે. કુલ ૨૫૨ નગરપાલિકાઓમાંથી ભાજપે ૧૪૪, કોંગ્રેસે ૯૨ અને અપક્ષોએ ૧૬ પર કબજો કર્યો છે. આ ઉપરાંત ૪૭ નગર પરિષદોમાંથી ભાજપ ૨૧, કોંગ્રેસ ૧૭ અને અપક્ષ ઉમેદવારો ૯ બેઠકો પર વિજયી બન્યા છે.

પાર્ટીએ સમગ્ર રાજ્યમાં સારો દેખાવ કર્યો હોવા છતાં કેટલાક પ્રભાવશાળી નેતાઓના ગઢમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે. કેન્દ્રીય મંત્રી અર્જુનરામ મેઘવાલના સંસદીય ક્ષેત્ર બીકાનેરમાં તેમજ ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના વિસ્તાર ઝાલાવાડમાં ભાજપને ફટકો પડ્યો છે. આ ચૂંટણીમાં સૌથી આશ્ચર્યજનક ઘટના પરબતસર નગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ માં બની છે, જ્યાં ભાજપના ઉમેદવાર કૈલાશ ચંદ્રને માત્ર ૧ જ વોટ મળ્યો હતો (તેમને પોતાનો મત પણ મળ્યો નહોતો).

સરકારી નોકરીઓ આપવી અને પેપરલીક રોકવા અંગે ભજનલાલ સરકારની કડક કાર્યવાહી ભાજપની સફળતામાં મહત્વના પરિબળ રહ્યા છે. જોકે મોટા શહેરોમાં UGC સંબંધિત વિરોધની અસર ભાજપના પ્રદર્શન પર જોવા મળી છે. બીજી તરફ, કોંગ્રેસ સંગઠનની આંતરિક જૂથબંધી તેમજ NEET પેપરલીક અને યુવાનોના મહત્વના મુદ્દાઓ પર અવાજ ન ઉઠાવવાના કારણે નુકસાનમાં રહી છે. કોંગ્રેસ માત્ર ભાજપ વિરોધી લહેર પર વધુ પડતી નિર્ભર રહી હોવાનું રાજકીય વિશ્લેષણ છે.

### ઈવીએમમાં ખામી ૧૦ બૂથ પર ૧૬ સપ્ટેમ્બરે ફરી મતદાન

મતગણતરી દરમિયાન કેટલીક EVMમાં ટેકનિકલ ખામી સામે આવી હતી. આ ટેકનિકલ ખામીથી પ્રભાવિત મતોની સંખ્યા ઉમેદવારો વચ્ચેના જીત-હારના અંતર કરતાં વધુ હોવાથી, રાજ્ય ચૂંટણી પંચે પરિણામોની વિશ્વસનીયતા અને પારદર્શિતા જાળવવા ૧૬ સપ્ટેમ્બરે ૧૦ મતદાન કેન્દ્રો પર ફરીથી મતદાન કરાવવાનો નિર્ણય કર્યો છે. જેમાં જયપુરના ૫, કોટાના ૩, જોધપુરના ૧ અને સુકેત નગરપાલિકાના ૧ મતદાન મથકનો સમાવેશ થાય છે.

# પોર્ટલની કામગીરીના બોજથી શિક્ષકો ત્રસ્ત

## ભોગ બન્યા વિદ્યાર્થીઓ, બિનશૈક્ષણિક કામગીરી વધતા ૨૦૧૭ બાદ શૈક્ષણિક પરિણામોમાં ઘટાડો

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના પ્રાથમિક શિક્ષકો પર દિવસેને દિવસે વધતા ઓનલાઈન કામગીરીના બોજને કારણે શિક્ષણની ગુણવત્તા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. શિક્ષકોનો મોટાભાગનો સમય વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે વિવિધ એપ્લિકેશન અને પોર્ટલમાં માહિતી ભરવા, ફોટા અપલોડ કરવા અને ડેટા એન્ટ્રી કરવામાં પસાર થઈ રહ્યો છે. શિક્ષણજગતમાં એવી ચર્ચા છે કે ૧૯૯૬ થી ૨૦૧૭ સુધી શૈક્ષણિક સર્વેમાં ગુજરાતનું પ્રદર્શન સારું હતું, પરંતુ ત્યારબાદ વધેલી બિનશૈક્ષણિક ઓનલાઈન કામગીરીને કારણે પરિણામોમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે.

શિક્ષકોને ઈઝજ પોર્ટલ અને ઞઉઈજઊ+ માં એક જ પ્રકારની સમાન માહિતી વારંવાર ભરવી પડે છે. આ ઉપરાંત ડિજિટલ ગુજરાત પોર્ટલ (શિષ્યવૃત્તિ), જ્અજ અને પ્રેક્ષા પોર્ટલ (પગાર બિલ), ઈ ત્ર્ક્ષ્ઞ કર્મયોગી એપ, દીક્ષા પોર્ટલ, પ્રશસ્ત એપ, ખેલ મહાકુંભ માટે ઊંખઊં પોર્ટલ, ઇનોવેશન ફેર, 'એક પેડ માઁ કે નામ', અને જંટછ પોર્ટલ જેવી ૨૭ જેટલી ઓનલાઈન સિસ્ટમો પર કામગીરી કરવી પડે છે. સ્વિફ્ટચેટ પર વિદ્યાર્થીઓની હાજરી અને માર્ક્સની એન્ટ્રીથી લઈને ગુણોત્સવ અને ઙખ જઇછઈ શાળાઓ માટે જ્યઅઞ્ર્ક્ષ પોર્ટલમાં ડેટા અપડેટ કરવા સુધીની તમામ કામગીરી શિક્ષકોના માથે છે.



શૈક્ષણિક કામગીરી ઉપરાંત શિક્ષકોએ ઇક્ય તરીકે ચૂંટણી સંબંધિત કામગીરી, ઇંક્ય એપ મારફતે વસ્તી ગણતરી અને ખઉખ એપમાં રોજેરોજ મધ્યાહન ભોજનની માહિતી પણ ફરજિયાત અપલોડ કરવાની રહે છે. જાાઅ સ્પર્શ ઈખત્ર્ક્ષ પોર્ટલમાં માત્ર ૫૦૦ રૂપિયાના નાના બિલ માટે પણ મેકર-ચેકર લોગીન, વેન્ડર રજીસ્ટ્રેશન અને પ્રિન્ટ કાઢીને ઓફિસ સુધી દસ્તાવેજો પહોંચાડવાની લાંબી અને જટિલ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તેમાં પણ અલગ-અલગ પાસવર્ડ, સિક્યોરિટી કેપ્ચા અને સર્વર ડાઉન હોવાની સમસ્યાઓને લીધે પાંચ મિનિટનું કામ કલાકો માંગી લે છે.

**વસ્તી ગણતરી અને ચૂંટણીલક્ષી કામગીરી પણ શિક્ષકોના ખભે, કામના ભારણને ઘટાડવા કમ્પ્યુટર સહાયક આપવા ઉઠી માંગ : સર્વર અને ઇન્ટરનેટની સમસ્યાઓને કારણે ૫ મિનિટનું કામ કલાકો સુધી ખેંચાય છે, શિક્ષકોમાં ભારે રોષ**

સતત ઓનલાઈન કામગીરીમાં વ્યસ્ત રહેવાના કારણે શિક્ષકો વર્ગખંડમાં પણ ઘણીવાર મોબાઈલમાં સરકારી કામ કરતા જોવા મળે છે, જેથી વાલીઓમાં એવી ગેરસમજ ઉભી થાય છે કે શિક્ષકો ભણાવતા નથી. શિક્ષણ સાથે જોડાયેલા લોકો અને શિક્ષકોની સ્પષ્ટ માંગ છે કે જો પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ખરેખર સુધારવી હોય તો તમામ ઓનલાઈન સિસ્ટમોને એક જ પ્લેટફોર્મ પર સંકલિત કરવામાં આવે. શાળાઓમાં અલગથી કમ્પ્યુટર સહાયક અથવા ડેટા એન્ટ્રી ઓપરેટરની નિમણૂક કરી શિક્ષકોને આ વધારાના બોજમાંથી મુક્તિ આપવામાં આવે તે અત્યારની તાતી જરૂરિયાત છે.

# બાળકને રમાડવાના બહાને પાડોશીનું પરિણીતા પર દુષ્કર્મ

## પતિ અને બાળકને જાનથી મારી નાખવાની ધમકી આપી પરિણીતા સાથે ૪ થી ૫ વખત બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા



રાજકોટ, તા. ૧૪

રાજકોટનામાં એક અત્યંત શરમજનક અને સંવેદનશીલ ઘટના સામે આવી છે. હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર્સમાં રહેતા એક શખ્સે પોતાની જ પાડોશમાં રહેતી પરિણીતાને ડરાવી-ધમકાવીને વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાની ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી મહિલા અને આરોપી દલસુખ અને પીડિત મહિલા સામસામે ક્વાર્ટર્સમાં રહે છે. બંને એકબીજાના દૂરના સગા થતા હોવાથી આરોપી અવારનવાર ફરિયાદી મહિલાના નાના દીકરાને રમાડવાના બહાને તેમના ઘરે આવતો હતો. પાડોશી અને સગા હોવાને કારણે પરિવારે પણ તેના પર વિશ્વાસ મૂક્યો હતો, પરંતુ આરોપીની દાનત ખોરી હતી.

ગત તારીખ ૧૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ વહેલી સવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં આરોપી પરિણીતાના ઘરે આવ્યો હતો અને એકલતાનો લાભ લઈ શારીરિક અડપલાં કરવાનું શરૂ કર્યું હતું. પરિણીતાએ તેનો પ્રતિકાર કરી ના પાડતા આરોપીએ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. આરોપીએ પરિણીતાને ધમકી આપી હતી કે જો તે અવાજ કરશે કે કોઈને જાણ કરશે તો તે તેના દીકરા અને પતિને જાનથી મારી નાખશે.

પોતાના પતિ અને માસૂમ બાળકને નુકસાન પહોંચાડવાની ધમકીથી ડરી ગયેલી લાચાર પરિણીતા સાથે આરોપીએ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ એક ઘટના બાદ પણ આરોપીની હવસ સંતોષાઈ ન હતી અને તેણે ધાકધમકીનો સિલસિલો ચાલુ રાખ્યો હતો. પોલીસ ફરિયાદ મુજબ, આરોપીએ તારીખ ૧૮/૦૭/૨૦૨૬ થી ૧૨/૦૮/૨૦૨૬ ના સમયગાળા દરમિયાન અવારનવાર, ચારથી પાંચ વખત વહેલી સવારે પરિણીતાના ઘરે આવીને બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું.

આખરે પાડોશીના આ શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને અને હિંમત એકઠી કરીને પીડિતાએ ૧૪ સપ્ટેમ્બરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ ગંભીર અને સંવેદનશીલ ઘટનાની નોંધ લઈ આરોપી હાલ આ કેસની વધુ તપાસ ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એચ.એમ. ચાવડા ચલાવી રહ્યા છે.

# મજૂર પરિવારની ૧૬ વર્ષીય દીકરીનું અપહરણ

## 'હું ટ્રેનમાં છું, ઓરિસ્સા જાવ છું' કહીને દીકરીનો ફોન આવ્યા બાદ કોઈ સંપર્ક નહીં, અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો

રાજકોટ, તા.૧૪

રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતા અને મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા એક પરિવારની ૧૬ વર્ષીય સગીર દીકરીનું અપહરણ થયું હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. અજાણ્યા શખ્સે સગીરાને લલચાવી ફોસલાવીને વાલીપણામાંથી ભગાડી ગયાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે તાલુકા પોલીસ સ્ટેશનમાં અપહરણની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ, મૂળ ઓરિસ્સાના બાલાંગીર જિલ્લાના સીસકેલા ગામના વતની અને હાલ, વાવડી વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય પરપ્રાંતીયએ એ પોતાની ૧૬ વર્ષીય દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવી છે. તેઓ છેલ્લા એક વર્ષથી પત્ની અને બે બાળકો સાથે અહીં રહી કડિયાકામ કરે છે, જ્યારે તેમના બીજા બે બાળકો વતનમાં દાદા-દાદી સાથે રહે છે.

ગત તારીખ ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે ફરિયાદી અને તેમની પત્ની અને દીકરો જમીને સૂઈ ગયા હતા. તેમની દીકરી બાજુમાં રહેતા મહિલા સાથે મોડી રાત સુધી મોબાઈલમાં ફિલ્મ જોતી હતી. સવારે પાંચેક વાગ્યે પરિવાર જાગ્યો ત્યારે દીકરી ઘરમાં જોવા મળી ન હતી. મહિલાને પૂછતા તેમણે જણાવ્યું હતું કે તેઓ રાત્રે ૧૨ વાગ્યા સુધી ફિલ્મ જોતા હતા અને પછી બંને સૂઈ ગયા હતા.



પરિવારે આસપાસ અને સગા-સંબંધીઓમાં ભારે શોધખોળ કરી હતી, પરંતુ દીકરીનો કોઈ પત્તો મળ્યો ન હતો. દરમ્યાન, તારીખ ૦૭ સપ્ટેમ્બરના રોજ ફરિયાદી પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં દીકરીએ કહ્યું હતું કે ''હું ટ્રેનમાં છું, તથા હું ઓરિસ્સા જાઉં છું તમને પછી ફોન કરીશ''. આટલું કહીને તેણે ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ પરિવારે વતનમાં પણ તપાસ કરી, પરંતુ ત્યાં પણ દીકરી પહોંચી ન હતી.

આખરે, પોતાની દીકરીને કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવીને અપહરણ કરી ગયો હોવાની પાકી શંકા સાથે રાજુભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તાલુકા પોલીસે અજાણ્યા વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી. ચૌધરીને સોંપી છે.

# આજે સંવત્સરી મહાપર્વઃ વેર-ઝેરને કાયમી વિરામ આપી ક્ષમાપના કરવાનો અવસર

## ૮૪ લાખ જીવયોનિને ખરા અંતઃકરણપૂર્વક ખમાવવાનો જૈન દર્શનનો પ્રેરક સંદેશ

રાજકોટ, તા.૧૪

આવતીકાલે મંગળવારે જૈન ધર્મનું સૌથી મોટું અને પવિત્ર પર્વ એટલે કે 'સંવત્સરી ક્ષમાપના પર્વ' ઉજવાશે. જૈન દર્શન મુજબ, વર્ષનો આ સર્વશ્રેષ્ઠ દિવસ છે, જે કર્મોનો હિસાબ-કિતાબ માંડવાળ કરવાનો અને વેર-ઝેરને કાયમને માટે વિરામ આપવાનો સુવર્ણ અવસર પૂરો પાડે છે. આ દિવસે ૮૪ લાખ જીવાયોનિના પ્રત્યેક જીવને ખરા અંતઃકરણપૂર્વક 'મિચ્છામિ દુક્કડમ્' કહીને ખમાવવાનો (ક્ષમા માંગવાનો) પ્રેરક સંદેશ આપવામાં આવે છે.

ઘણીવાર લોકો અહંકારમાં એવું માનતા હોય છે કે 'મારી ક્યાં ભૂલ છે? સામાવાળાએ આમ કર્યું હતું.' પરંતુ મહાપુરુષો કહે છે કે ભૂલ ભલે આપણી ન હોય, છતાં સામે ચાલીને ક્ષમાપના કરવાથી આત્મા હળવો ફૂલ થઈ જાય છે. જો એક પણ આત્માને ખમાવવાનો બાકી રહી જશે, તો અભિચિકુમારની જેમ ભવભ્રમણ વધી જશે. પ્રભુનું ફરમાન છે કે જગતના દરેક જીવ સાથે મિત્રતા રાખવી અને કોઈ પણ જીવ સાથે સહેજ પણ વેરભાવ ન રાખવો.



મનોજ ડેલીવાળાના સંકલન મુજબ, સંવત્સરીના દિવસે સાધુ-સાધ્વીજીઓ ચૌવિહારો ઉપવાસ કરે છે. ૯ વર્ષની ઉંમરના બાળ દીક્ષિત હોય કે ૯૯ વર્ષના વયોવૃદ્ધ સાધુ-સાધ્વીજી, સૌ માટે આ ચૌવિહારો ઉપવાસ ફરજિયાત હોય છે. કઠોર ઉપવાસ હોવા છતાં તેઓ શ્રાવક-શ્રાવિકાઓને આલોચના કરાવે છે અને શાસન પ્રભાવના માટે અથાક શ્રમ કરે છે. ચતુર્વિધ સંઘના સદસ્ય તરીકે શ્રાવકોએ પણ પોતાની શક્તિ મુજબ ઉપવાસ, એકાસણા કે આયંબિલ જેવી તપ આરાધના કરવી જોઈએ.

આત્મા અનંત શક્તિનો ધારક છે. આ પવિત્ર દિવસે આલોચના અને પ્રતિક્રમણ ફરજિયાત કરવાનું હોય છે. મનુષ્યે એ ચિંતન કરવું જોઈએ કે ગત સંવત્સરીએ આપણી સાથે રહેલા અનેક સ્વજનો આજે પરલોક સિધાવી ગયા છે. આવતા વર્ષે આપણે હઈશું કે નહીં તેનો કોઈ ભરોસો નથી. આયુષ્ય અનિશ્ચિત હોવાથી વેરભાવ છોડીને આ દુર્લભ માનવ ભવની પ્રત્યેક પળને સાર્થક કરી લેવી જોઈએ.

# મહાત્મા મંદિર, ખાતે આજથી 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમનો પ્રારંભ

## કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરાવશે શુભારંભ

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર આજથી ૨ દિવસ દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર -ગુજરાત ખાતે 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ ૨૦૨૬'નું આયોજન કરશે. ફોરમનું સંયુક્ત ઉદઘાટન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે. આ ફોરમનું આયોજન 'સર્ક્યુલર ઈકોનોમીઃ ટ્રાન્સિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરીટી' થીમ હેઠળ કરવામાં આવશે, ત્યારબાદ ૧૭ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન એક્સેલરેટર સત્રો યોજાશે. જ્યારે તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઉદઘાટન સત્રમાં હાજરી આપનાર અન્ય મહાનુભાવોમાં ગુજરાતના વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ભારતમાં ફિનલેન્ડના રાજદૂત એચ.ઈ. મિક્કો કિવિકોસ્કી, સિત્રા ના પ્રમુખ એટે જાસ્કેલાઈનન, આર્થિક બાબતો અને આબોહવા મંત્રાલય (નેધરલેન્ડ) ના સર્ક્યુલર ઈકોનોમી નિયામક મતી મેરીકે સ્પાઈકરબોઅર તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થશે.

સર્ક્યુલરિટીનો મુખ્ય હેતુ હાલની સામગ્રી અને ઉત્પાદનોનો પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઈક્લિંગ કરીને તેને મૂલ્યવાન સંસાધનો તરીકે ફરીથી અર્થતંત્રમાં લાવવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ, ભારત પર્યાવરણીય શાસનમાં એક મોટો બદલાવ લાવી રહ્યું છે અને આધુનિક સર્ક્યુલર ઈકોનોમી તરફ આગળ વધી રહ્યું છે. આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ , ફિનિશ ઈનોવેશન ફંડ સિત્રા , ફિનલેન્ડ સરકાર, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, ગુજરાત સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.



WCEF ૨૦૨૬ નો મુખ્ય ઉદ્દેશ્ય સર્ક્યુલરિટીને પ્રોત્સાહન આપવા અને આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવા માટેના ભારતના પ્રયાસોને દર્શાવવાનો છે. આ ઈવેન્ટમાં અંદાજે ૬૫ થી વધુ દેશોના ૨૦૦૦ થી વધુ હિસ્સેદારો ભાગ લેશે. જેમાં વ્યાપારી નેતાઓ, ઉદ્યોગસાહસિકો, સંશોધકો, નીતિ ઘડવૈયાઓ, શિક્ષણવિદો અને અન્ય મહાનુભાવો સામેલ થશે.

તા.૧૫-૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન, આ ફોરમમાં અઈ નો ઉપયોગ, રોજગારની ક્ષમતા, ઉર્જા ઉત્પાદન, નાણા, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ જેવા વિષયો પર ૦૪ પ્લેનરી અને ૧૬ સંતોષકારક થીમ આધારિત સત્રો યોજાશે. આ ઉપરાંત,૧૨૫ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનકર્તાઓ સાથેનો એક્સ્પો સ્ટાર્ટ-અપ્સ દ્વારા વિકસાવવામાં આવેલા વ્યવહારુ ઉકેલોનું પ્રદર્શન કરશે.

આ ઉપરાંત તા. ૧૭-૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ, વૈશ્વિક સહયોગીઓ ગાંધીનગર તેમજ વિશ્વભરના અન્ય સ્થળોએ ઓનલાઇન/હાઈબ્રિડ અને રૂબરૂમાં ૮૦ એક્સેલરેટર સત્રો સ્વતંત્ર રીતે યોજશે. તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સમાપન સમારોહમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ફિનલેન્ડના આબોહવા અને પર્યાવરણ મંત્રી મતી સારી મુલ્તાલા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવીણભાઈ માળી સહિતના અગ્રણીઓ હાજર રહેશે. આ કાર્યક્રમનું સમાપન સિત્રાના પ્રમુખ દ્વારા આગામી યજમાનને વિધિવત હેન્ડઓવર કરીને કરવામાં આવશે.









# દુંદાળા દેવનો જન્મોત્સવ : આસ્થાના મહાસાગરમાં ઊમટ્યું રાજકોટ

રાજકોટ, તા.૧૪

રંગીલા રાજકોટમાં અતિ વહાલા અને વિઘ્નહર્તા એવા ગણેશજીના આગમન સાથે જ સમગ્ર શહેર ગણપતિમય બની ગયું છે. 'ગણપતિ બાપ્પા મોરિયા'ના ઘેઘૂર નાદ અને ઢોલ-નગારાના તાલે દુંદાળા દેવના આશીર્વાદ લેવા માટે બાલ-વૃદ્ધ સૌ કોઈમાં હરખની હેલી ચડી છે. શેરીએ શેરીએ અને ચોકે ચોકે ભક્તિનું એવું ચિત્ર ઊભું થયું છે કે જાણે આખું રાજકોટ સ્વર્ગીય આનંદમાં લીન થઈ ગયું હોય!

શહેરના ખૂણે-ખૂણેથી લઈને મુખ્ય ચોક-ચોરાહાઓ સુધી ઠેર-ઠેર ભવ્યાતિભવ્ય પંડાલો બાંધવામાં આવ્યા છે. આ વખતે ગણેશ ઉત્સવમાં કળા અને આસ્થાનો અદ્ભુત સંગમ જોવા મળી રહ્યો છે. વિધવિધ જગ્યાઓએ અલગ-અલગ અનોખી થીમ પર ગણપતિ દાદાનું સ્થાપન કરવામાં આવ્યું છે. ક્યાંક પૌરાણિક મંદિરોની આબેહૂબ પ્રતિકૃતિ જેવા સેટ ઊભા કરાયા છે, તો ક્યાંક સામાજિક સંદેશ આપતી કે પર્યાવરણ જાગૃતિ લક્ષી થીમ આધારિત મૂર્તિઓ શ્રદ્ધાળુઓના આકર્ષણનું કેન્દ્ર બની છે. ઝગમગતી રોશની અને મનમોહક શણગારથી સજ્જ પંડાલો રાત્રિના સમયે દિવ્યતાની ચરમસીમાએ પહોંચે છે.

સવાર-સાંજ થતી મહાઆરતીમાં વહેતી ભક્તિરસની ધારામાં ભક્તો લીન થઈ રહ્યા છે. દાદાના દર્શન કરી ધન્યતા અનુભવવા માટે રોજ સાંજે પંડાલોમાં જનમેદની ઊમટી પડે છે. મોદક અને લડુના મહાભોગ સાથે ગણેશજીની સેવા-અર્ચનામાં સમગ્ર સોસાયટીઓ અને યુવક મંડળો એકજૂટ થઈને ઉત્સવ મનાવી રહ્યા છે. આ અવિસ્મરણીય અને અલૌકિક માહોલે રાજકોટની સંસ્કૃતિ અને લોક-ઉત્સવના રંગને વધુ ગાઢ બનાવી દીધો છે.

દરરોજ સાંજ પડતાં જ પંડાલોમાં ઝાલર, ઢોલ અને મંત્રોચ્ચાર સાથે થતી મહાઆરતીમાં શ્રદ્ધાળુઓનો મહાસાગર ઉમટી પડે છે. બાળકોથી લઈને વડીલો સુધી સૌ કોઈ વિઘ્નહર્તાના ચરણોમાં શિશ ઝુકાવી ધન્યતા અનુભવી રહ્યા છે. દાદાના દર્શન અને પ્રસાદ માટે જામતી ભક્તોની ભીડથી આખું રાજકોટ આસ્થા અને ઉત્સવના રંગે રંગાઈ ગયું છે.

# 'રાજકોટ મિરર કા રાજા'નું ભક્તિભાવપૂર્વક સ્થાપન

## ગણપતિ બાપ્પા મોર્યાના નાદથી ગુંજી ઉઠ્યું પરિસર



રાજકોટ, તા.૧૪

ગણેશ ચતુર્થીના પાવન અવસરે 'રાજકોટ મિરર' પરિવાર દ્વારા દુંદાળા દેવની ધામધૂમથી પધરામણી : સર્વે સ્ટાફમિત્રોએ સાથે મળીને વિઘ્નહર્તાની સ્તુતિ અને આરતી કરી ધન્યતા અનુભવી : કાર્યાલય પરિવાર અને રાજકોટના તમામ શહેરીજનોના નીરોગી સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુ માટે બાપ્પાના ચરણોમાં વિશેષ પ્રાર્થના.

ગણેશ ચતુર્થીના પાવન અને મંગલકારી અવસરે આજે 'રાજકોટ મિરર' અખબારના કાર્યાલય ખાતે વિઘ્નહર્તા શ્રી ગણેશજીની ભક્તિભાવપૂર્વક સ્થાપના કરવામાં આવી છે. 'રાજકોટ મિરર કા રાજા'ના હુલામણા નામથી બિરાજમાન થયેલા દુંદાળા દેવના આગમનથી સમગ્ર કાર્યાલય પરિસરમાં દિવ્ય ઉર્જા, આસ્થા અને ઉત્સાહનો અનેરો માહોલ છવાયો હતો.

આજે સવારે શુભ મુહૂર્તમાં અખબારી કાર્યાલયના સર્વે સ્ટાફગણે ઉત્સાહભેર એકસાથે મળીને 'ગણપતિ બાપ્પા મોર્યા' ના ગગનભેદી નાદ સાથે બાપ્પાની ધામધૂમથી પધરામણી કરી હતી. શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે ગણપતિજીની મૂર્તિની સ્થાપના કર્યા બાદ, ઉપસ્થિત તમામે શ્રદ્ધાપૂર્વક ગણેશ સ્તુતિ ગાઈ હતી અને આરતી ઉતારીને દિવ્યતાની અનુભૂતિ કરી હતી. અખબારી કામગીરીની સતત વ્યસ્તતા વચ્ચે પણ સ્ટાફ મિત્રોએ સમય કાઢીને બાપ્પાની ભક્તિમાં લીન થઈ આ ઉત્સવની ઉજવણી કરી હતી.

આ મંગલ અવસરે કાર્યાલયના પરિવારજનો દ્વારા સામાજિક નિસ્બત નિભાવતા સમગ્ર રાજકોટ શહેરની સુખાકારી માટે પણ વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. દુંદાળા દેવ સૌના વિઘ્નો હરે અને કાર્યાલયના સ્ટાફ સહિત તમામ રાજકોટવાસીઓનું સ્વાસ્થ્ય નીરોગી રહે, સૌ શારીરિક-માનસિક રીતે સ્વસ્થ રહે તથા સૌને દીર્ઘાયુ પ્રાપ્ત થાય તેવી મંગલ કામનાઓ બાપ્પાના ચરણોમાં અર્પણ કરવામાં આવી હતી. પ્રસ્તુત તસવીરમાં 'રાજકોટ મિરર' કાર્યાલયમાં બિરાજમાન થયેલા અદભુત અને મનમોહક 'રાજકોટ મિરર કા રાજા' ના દર્શન થઈ રહ્યા છે.

## દિવાળી પહેલાં સાત મુખ્ય ચોક પર ધબકશે નવા સિગ્નલ

## ત્રણ શાખાઓના સંયુક્ત ઉપક્રમે કામગીરીનો ધમધમાટ

# ટ્રાફિકની 'ચક્કાજામ' સમસ્યામાંથી મુક્તિ માટે મનપાનો માસ્ટરપ્લાન

રાજકોટ, તા. ૧૪

રાજકોટ શહેરમાં દિન-પ્રતિદિન વધતી જતી વાહનોની સંખ્યા અને તેના કારણે સર્જાતી ટ્રાફિકની વિકટ સમસ્યા તેમ જ માર્ગ અકસ્માતોના બનાવો પર લગામ કસવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક અત્યંત મહત્વનો અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના અત્યંત ધમધમતા અને વાહનવ્યવહારથી સતત વ્યસ્ત રહેતા સાત મુખ્ય ચોકમાં નવા આધુનિક ટ્રાફિક સિગ્નલ મૂકીને વાહનવ્યવહારને સુગ્રથિત કરવાનો માર્ગ મોકળો કરાયો છે. આ યોજના હેઠળ રેસકોર્સ રિંગ રોડ પર આવેલ કિસાનપરા ચોક, ઢેબર રોડ પરનો કોર્પોરેશન ચોક અને ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના નાણાવટી ચોક તથા કોટેચા ચોક જેવા મુખ્ય જંક્શનોને આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરના અન્ય મહત્વના પોઈન્ટ જેવા કે ભૂતખાના ચોક અને કુવાડવા રોડ પર આવેલા ડી-માર્ટ ચોક સહિતના સાત મુખ્ય ચાર રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ હળવું કરવા માટે આ કવાયત હાથ ધરાઈ છે.



આ મહત્વકાંક્ષી પ્રજેક્ટને નિર્ધારિત સમયમાં પૂરો કરવા માટે મહાનગરપાલિકાની આઈટી બ્રાન્ચ, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ બ્રાન્ચ તથા રોશની બ્રાન્ચ દ્વારા પરસ્પર સંકલન સાધીને સંયુક્ત ઉપક્રમે કામગીરીનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલ તમામ સાતેય નિયોજિત સ્થળો પર સિગ્નલ માટેના મજબૂત પોલ ઈન્સ્ટોલ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મનપા તંત્ર દ્વારા એવો સ્પષ્ટ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે કે આવનારા દિવાળીના તહેવાર પૂર્વે જ આ સાતેય નવા ટ્રાફિક સિગ્નલ સંપૂર્ણપણે સક્રિય અને કાર્યરત કરી દેવામાં આવે. તહેવારો દરમિયાન શહેરમાં ખરીદી અને અવરજવરને કારણે ટ્રાફિકનું પ્રમાણ ચરમસીમાએ હોય છે, ત્યારે આ સિગ્નલ સિસ્ટમ શરૂ થઈ જતાં વાહનવ્યવહારમાં શિસ્ત આવશે, અકસ્માતોનું જોખમ ઘટશે અને રાજકોટના વાહનચાલકોને વર્ષો જૂની ટ્રાફિક જામની સમસ્યામાંથી મોટી રાહત સાંપડશે.

## લોધિકા સંઘ ચૂંટણી વિવાદમાં જિલ્લા પંચાયતના સભ્યો મેદાને

# રૂપિયાના આક્ષેપો પાયાવિહોણા

રાજકોટ, તા.૧૪

રાજકોટ-લોધિકા સંઘની ચૂંટણી પૂર્ણ થતાં જ ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક જૂથવાદ અને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સંઘના ડિરેક્ટર વિજય સખીયા દ્વારા જિલ્લા પંચાયતના સભ્યો પર આર્થિક વ્યવહારોના ગંભીર આક્ષેપો લગાવવામાં આવતા રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચ્યો છે. આક્ષેપોથી ઘેરાયેલા જિલ્લા પંચાયતના સભ્યોએ તાત્કાલિક પ્રેસ કોન્ફરન્સ યોજી સમગ્ર મામલે સ્પષ્ટતા કરી હતી.

સભ્યોએ તમામ આરોપોને એકસુરે ફગાવતા જણાવ્યું હતું કે, અલ્પેશ ઢોલરિયા પર મુકાયેલા આક્ષેપો તદ્દન પાયાવિહોણા છે અને તેમણે એક પણ રૂપિયો લીધો નથી. તેમને રાજકીય દ્વેષબુદ્ધિથી જાણીજોઈને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. વધુમાં ઉમેર્યું હતું કે રાજકોટ-લોધિકા સંઘ અને જિલ્લા પંચાયત વચ્ચે કોઈ સીધો સંબંધ નથી. ચૂંટણી પ્રક્રિયા અંગે વાત કરતા પંચાયત સભ્યોએ સ્પષ્ટ કર્યું કે, પાર્ટીના આદેશ મુજબ જિલ્લા પ્રમુખે સંગઠનની બેઠક યોજીને જ ટિકિટોની ન્યાયી વહેંચણી કરી હતી. આ સાથે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા પાંચ વર્ષથી અવિરત ચાલી રહેલા વિકાસકામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે જિલ્લા પંચાયત સભ્ય લાલજીભાઈ તળાવિયાએ પોતાની કડક પ્રતિક્રિયા આપતા વિરોધીઓના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા.



## એક જ સપ્તાહમાં ૧,૫૦૦થી વધુ નવા દર્દીઓ : કડક કાર્યવાહી બાદ ૩૨૨ આસામીઓને નોટિસ

# ડબલ ઋતુ વચ્ચે મચ્છરજન્ય રોગચાળામાં વિસ્ફોટ



રાજકોટ, તા.૧૪

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલા ડબલ ઋતુના વાતાવરણ અને અસહ્ય બફારાના કારણે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ ભારે અજગરી ભરડો લીધો છે. બદલાતા હવામાન વચ્ચે શહેરમાં ઘરે-ઘરે તાવ, શરદી અને પેટના ઈન્ફેક્શનના ખાટલા જોવા મળી રહ્યા છે. આરોગ્ય અને મેલેરિયા શાખા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, ગત તા. ૭ સપ્ટેમ્બરથી ૧૩ સપ્ટેમ્બર સુધીના માત્ર એક જ અઠવાડિયામાં શહેરમાંથી કુલ ૧૫૧૧ નવા દર્દીઓ ચોપડે ચડ્યા છે, જેના કારણે સ્થાનિક આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

છેલ્લા સપ્તાહમાં ખતરનાક ગણાતા ડેંગ્યુના બે નવા દર્દીઓ સામે આવ્યા છે. આ ઉપરાંત અન્ય ગંભીર તાવના કિસ્સાઓમાં પણ ચિંતાજનક વધારો થયો છે. સરકારી ચોપડે નોંધાયેલી વિગત મુજબ, એક જ સપ્તાહમાં શરદી-ઉધરસના સૌથી વધુ ૬૭૪ કેસ અને સામાન્ય તાવના ૬૩૩ કેસ નોંધાયા છે. આ સિવાય દૂષિત ખોરાક અને પાણીના કારણે ફેલાતા ઝાડા-ઉલટીના ૧૯૮ કેસ, ટાઈફોઈડના ૩ કેસ અને કમળાનો ૧ નવો દર્દી પ્રકાશમાં આવ્યો છે. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, ડેંગ્યુ ફેલાવતો એડીસ મચ્છર મુખ્યત્વે દિવસના સમયે કરડે છે અને તે એક સાથે અનેક લોકોને શિકાર બનાવી શકતો હોવાથી વધુ જનસમુદાય ધરાવતા સ્થળોએ ચેપ ફેલાવવાનું જોખમ બેગણું વધી જાય છે. લોકોમાં સાફ-સફાઈનો અભાવ, સ્વાસ્થ્ય પ્રત્યેની બેદરકારી અને ઘરોમાં ખુલ્લા પાણીના પાત્રોના કારણે મચ્છરોને પ્રજનન માટે સાનુકૂળ વાતાવરણ મળી રહે છે.

રોગચાળાના આ વિસ્ફોટને પગલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોગ અટકાયતી કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં રહેણાંક મકાનો, દુકાનો, એપાર્ટમેન્ટ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને ઔદ્યોગિક એકમોમાં મચ્છરોના ઉત્પાદન સ્થાનો શોધવા માટે ચેકિંગ હાથ ધરાયું હતું. મનપાની ટીમે ૪૧૯ મિલકતોમાં તપાસ કરતા, મચ્છરોના પોરા મળી આવવા સબબ બાયલોઝ હેઠળ રહેણાંકના ૨૫૧ અને કોમર્શિયલના ૭૧ મળી કુલ ૩૨૨ આસામીઓને નોટિસ ફટકારી વહિવટી ચાર્જ વસૂલ્યો છે.

બીજી તરફ, શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિલ્ડ સ્ટાફ દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરીને ૨,૭૫,૭૭૩ જેટલી વસ્તીને આવરી લેવામાં આવી છે. આ દરમિયાન ઘરે-ઘરે જઈને ૬,૨૦૨ ક્લોરીન ટેબ્લેટ અને ૧,૧૨૨ ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે તાવના દર્દીઓની ઓળખ માટે ૨,૭૯૬ જેટલા આર.સી. ટેસ્ટ કરવામાં આવ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ મનપા દ્વારા સપ્તાહમાં ૮૬,૦૩૦ ઘરોમાં પોરાનાશક દવાનો છંટકાવ કરાયો છે અને ૬૧૪ ઘરોમાં હેન્ડ ફોગિંગ કરવામાં આવ્યું છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા સંવેદનશીલ વિસ્તારો, જાહેર રસ્તાઓ અને વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા સ્થળોએ વહિકલ માઉન્ટેડ મશીન વડે ફોગિંગ કામગીરી હાથ ધરીને રોગચાળો કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગુંડાઓ નિર્ભય!

## રાજકોટની દશા ભયજનક નેતાઓ પોલીસ અને લાચાર



નિર્ભયતા એ માનવજીવનનું ઉત્તમ લક્ષણ છે. સમાજનો દરેક નાગરિક ભયમુક્ત બનીને જીવે એ જ એક આદર્શ વ્યવસ્થાની ઓળખ છે. પરંતુ જ્યારે આ નિર્ભયતા અસામાજિક તત્વો અને ગુંડાઓના હાથમાં પહોંચી જાય, ત્યારે તે આખા સમાજ માટે અત્યંત ઘાતક અને વિનાશક સાબિત થાય છે. આજે રાજકોટ શહેર કંઈક આવી જ ભયાનક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. શાંતિ અને રંગીલા સ્વભાવ માટે જાણીતું રાજકોટ હવે ગુંડાતત્વોના અડ્ડા સમાન બની રહ્યું હોય તેવું વાતાવરણ સર્જાયું છે.

હનુમાન મઢી ચોક પાસે આવેલા એક મેડિકલ સ્ટોરમાં બનેલી મારામારીની ઘટના કોઈ સામાન્ય બનાવ નથી. કેટલાક નાલાયક અને અસામાજિક તત્વો હાથમાં પાઈપ, ધોકા અને ખુલ્લા શસ્ત્રો લઈને દાદાગીરી કરવા ઉતરી પડ્યા હતા. જાહેરમાં માલમિલકતને નુકસાન પહોંચાડવું, વેપારીઓ પર હુમલા કરવા અને સામાન્ય નાગરિકોમાં દહેશત ફેલાવવી એ હવે નિત્યક્રમ બની ગયું છે. રાજકોટ જેવા સાંસ્કૃતિક અને સુરક્ષિત ગણાતા શહેરમાં આવી અરાજકતા સર્જાય તે અત્યંત ચિંતાજનક છે.આવા દ્રશ્યો જોતાં લોકોને લાલુપ્રસાદ યાદવના સમયના બિહારની યાદ આવી જાય છે.

સૌથી વધારે શરમજનક બાબત એ છે કે ગુંડાઓના આવા હિંસક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે, છતાં પણ પોલીસ પ્રશાસન કડક પગલાં લેવામાં નિષ્ફળ રહે છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કાગળ પર જ મજબૂત દેખાય છે, પણ વાસ્તવિકતામાં પોલીસની તાકાત અને સક્રિયતા ક્યાંય નજરે પડતી નથી. ગુનાખોરોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી. બીજી તરફ, રાજકીય નેતાઓ પણ આવી ગંભીર સ્થિતિ સામે તદ્દન મૌન ધારણ કરીને બેઠા છે.

શહેરમાં આવી હિંસક ઘટનાઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. રાજકોટ હવે ધીમે ધીમે અતિ જોખમી અને અસુરક્ષિત શહેર બની રહ્યું છે. રાજકીય નેતાઓ અને પોલીસ પ્રશાસન સંપૂર્ણપણે લાચાર અને નિષ્ક્રિય સાબિત થયા છે. ગુંડાઓ ખુલ્લેઆમ નિર્ભય બનીને ફરી રહ્યા છે, જ્યારે કાયદાનું પાલન કરતા સામાન્ય અને નિર્દોષ લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

જો આ પરિસ્થિતિ આવી જ રહેશે તો આગામી સમયમાં સ્થિતિ વધુ ખતરનાક અને અંકુશ બહાર બની જશે. સત્તાધીશો અને પોલીસ તરફથી કોઈ ઉકેલ ન મળે, ત્યારે હવે ખુદ રાજકોટના જાગૃત નાગરિકોએ જ આગળ આવવું પડશે. આ અરાજકતા સામે લોકોએ એક થઈને પોતાનો અવાજ બુલંદ કરવો પડશે, જેથી રાજકોટની શાંતિ પુનઃસ્થાપિત થઈ શકે.

# PM મોદીના જન્મદિવસ નિમિત્તે 'આશીર્વાદના દીવા' પ્રગટાવવા અપીલ

## નીતિન નવીને પીએમ મોદીની ૨૫ વર્ષની સફરની પ્રશંસા કરી : ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પણ જણાવ્યું

નવીદિલ્હી, તા. ૧૪

ભાજપ આ વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી ખૂબ જ ખાસ રીતે કરવાની તૈયારી કરી રહ્યું છે. આ દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને દેશવાસીઓને ખાસ અપીલ કરી છે. તેમણે લોકોને ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ થી ૭ વાગ્યા દરમિયાન પોતાના ઘરોમાં ''આશીર્વાદ દીવો'' પ્રગટાવવા અને વડા પ્રધાનના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવા જણાવ્યું છે. નીતિન નવીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા આ અપીલ કરી હતી. પોતાની પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે, ''જનસેવા દ્વારા રાષ્ટ્રની સેવા એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જીવનનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે. સરકારના વડા તરીકેની તેમની ૨૫ વર્ષની સફર, જાહેર સેવા અને રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત, અભૂતપૂર્વ રહી છે.''



ભાજપ અધ્યક્ષે કહ્યું, ''પીએમ મોદીના દૂરંદેશી નેતૃત્વએ દેશને એક નવી દિશા અને શક્તિ આપી છે. આજે, તેમના સામૂહિક સંકલ્પના પરિણામે, આપણે '૨૦૪૭ સુધી વિકસિત ભારત' ના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ.'' દેશની પ્રગતિશીલ યાત્રા અને પીએમ મોદીના સફળ નેતૃત્વ માટે તમારી શુભેચ્છાઓ વ્યક્ત કરવા માટે, કૃપા કરીને ૧૭ સપ્ટેમ્બરના રોજ તેમના જન્મદિવસના શુભ પ્રસંગે સાંજે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે તમારા ઘરોમાં આશીર્વાદનો દીવો પ્રગટાવો, અને તેમના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીને તમારા આશીર્વાદ આપો.

નીતિન નબીને કહ્યું કે જાહેર સેવા દ્વારા રાષ્ટ્રની સેવા કરવી એ વડા પ્રધાન મોદીનો માર્ગદર્શક સિદ્ધાંત રહ્યો છે, અને તેમણે તેમની સમગ્ર યાત્રા આ સિદ્ધાંત પર આધારિત કરી છે. તેમણે કહ્યું, ''જ્યારે તેમણે દેશનું નેતૃત્વ સંભાળ્યું, ત્યારે પરિસ્થિતિઓ અત્યંત પડકારજનક હતી. તે મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે, તેમણે નવી નીતિઓ બનાવી, નવા કાર્યક્રમો શરૂ કર્યા અને ઘણી યોજનાઓ શરૂ કરી જેણે સામાન્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યું.'' કોવિડ-૧૯ મહામારીને યાદ કરતાં ભાજપ અધ્યક્ષે કહ્યું કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન, સમગ્ર દેશ અને દુનિયા સ્થિર થઈ ગઈ હતી, પરંતુ પીએમ મોદીના નેતૃત્વએ લોકોને પડકારોનો સામનો કરવા અને આગળ વધવાનો આત્મવિશ્વાસ આપ્યો. તેમણે કહ્યું, ''કોવિડ સમયગાળા દરમિયાન, રસીકરણ અભિયાન દ્વારા, તેમણે સમગ્ર વિશ્વને સંદેશ આપ્યો કે ભારત 'આત્મનિર્ભર ભારત' બનવા તરફ આગળ વધી રહ્યું છે.''

સરકારી પહેલો પર પ્રકાશ પાડતા, નીતિન નવીને કહ્યું કે સ્ટાર્ટઅપ યોજનાઓએ યુવાનોને આત્મનિર્ભર બનવામાં મદદ કરી છે, જ્યારે મહિલાઓએ સ્વચ્છ ભારત મિશન દ્વારા ગૌરવ મેળવ્યું છે અને 'લખપતિ દીદી' પહેલ દ્વારા પોતાને સશક્ત બનાવ્યા છે. તેમણે કહ્યું, ''લખપતિ દીદી પહેલ દ્વારા, આપણી મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી રહી છે. અમને વિશ્વાસ છે કે પ્રધાનમંત્રીનું ઉત્તમ નેતૃત્વ આ દેશમાં મહિલાઓના અધિકારોનું રક્ષણ કરશે અને તેમને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા માટે સશક્ત બનાવશે.''

આંતરિક સુરક્ષાના મુદ્દા પર બોલતા, ભાજપ અધ્યક્ષે કહ્યું કે પ્રધાનમંત્રી નક્સલવાદને દૂર કરવા અને આતંકવાદનો સામનો કરવા માટે કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું, ''આપણે લાંબા સમયથી આ દેશમાં નક્સલવાદના વિનાશ જોયા છે. તેના મૂળ આપણા ૨૦૦ થી વધુ જિલ્લાઓમાં ફેલાયેલા છે. પ્રધાનમંત્રીએ આને પોતાના સંકલ્પનો ભાગ બનાવ્યો અને નક્સલવાદને સંપૂર્ણપણે નાબૂદ કર્યો.'' આજે, ૨૦૨૬ માં, ભારત નક્સલવાદથી મુક્ત છે.

# દિશા સાલિયાન કેસમાં ઉલટફેર

## CBIએ ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરેના નામ સાથે FIR કરી દાખલ

નવીદિલ્હી, તા. ૧૪

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર દિશા સલિયનના મૃત્યુના કેસમાં FIR નોંધી છે. બોમ્બે હાઈકોર્ટના આદેશ બાદ ઈઈઈ એ આ કાર્યવાહી કરી છે. નોંધપાત્ર વાત એ છે કે, FIR માં ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે સહિત અનેક અગ્રણી વ્યક્તિઓના નામ શામેલ છે. કેન્દ્રીય એજન્સી હવે લગભગ છ વર્ષ જૂના આ કેસમાં નવેસરથી તપાસ કરશે. ૨ સપ્ટેમ્બરના રોજ, બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ સારંગ કોટવાલ અને જસ્ટિસ રણજીતસિંહ રાજા ભોસલેની બેન્ચે દિશા સલિયનના મૃત્યુની તપાસ CBIને સોંપવાનો આદેશ આપ્યો હતો. CBI ને આ કેસની તપાસ માટે એક અનુભવી અને વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો. સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર દિશા સલિયનનું છત પરથી પડી જવાથી શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું.



સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર દિશા સલિયનનું ૮ જૂન, ૨૦૨૦ ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં રહેણાંક મકાનના ૧૨મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પછી, એક અઠવાડિયા પછી, ૧૪ જૂન, ૨૦૨૦ ના રોજ, તેના એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો, જેના કારણે બંને મૃત્યુ વચ્ચે સંભવિત જોડાણ હોવાની અટકળો શરૂ થઈ હતી. રાજપૂતના મૃત્યુ પછીના હોબાળા વચ્ચે, મહારાષ્ટ્ર સરકારે આ કેસમાં CBI તપાસનો આદેશ આપ્યો હતો. એજન્સીએ બાદમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો હતો, જેમાં તેને આત્મહત્યા જાહેર કરવામાં આવી હતી. દરમિયાન, મુંબઈ પોલીસે ADR દાખલ કર્યો હતો, જેમાં દિશા સલિયનના કેસને આકસ્મિક મૃત્યુ ગણાવ્યો હતો. હાઈકોર્ટે આ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો અને ઈઈઈને તપાસ સોંપવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે તપાસમાં બેદરકારી બદલ મુંબઈ પોલીસને પણ ઠપકો આપ્યો હતો. તેણે છ વર્ષ સુધી કેસને ફક્ત આકસ્મિક મૃત્યુ તરીકે ગણવા અને FIR નોંધવા બદલ પોલીસની ટીકા કરી હતી, જેમાં તપાસમાં ''સ્પષ્ટ વિસંગતતાઓ'' તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. દિશા સલિયન કેસમાં FIR નોંધાયા બાદ, CBI હવે સમગ્ર ઘટનાની નવેસરથી તપાસ કરશે. સલિયનના પિતાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે તેમની પુત્રી પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી અને CBI તપાસની માંગ કરી હતી. તેમણે શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરે સામે FIR નોંધાવવાની પણ માંગ કરી હતી.

સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરમાં શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, તેમના પુત્ર આદિત્ય ઠાકરે, રોહન રોય, ડીનો મોરિયા, સૂરજ પંચોલી, આદિત્ય ઠાકરેના બોડીગાર્ડ, રિયા ચક્રવર્તી, શૌવિક ચક્રવર્તી, સચિન વાઝે, પરમબીર સિંહ, ડીસીપી વિશાલ ઠાકુર, અનિલ દેશમુખ, એપીઆઈ અશોક દેવધે અને પીઆઈ જગદેવ કલાપડના નામનો સમાવેશ થાય છે. વધુમાં, માલવણી પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીઓ, પોસ્ટમોર્ટમમાં વિલંબ માટે જવાબદાર ડોકટરો અને સ્ટાફ, રીજન્ટ ગેલેક્સી બિલ્ડિંગના સુરક્ષા ગાર્ડ અને એસઆઈટીના વરિષ્ઠ સભ્યો, જે બધા વરિષ્ઠ પોલીસ અધિકારીઓ છે. આ બધા પર કેસ દબાવવાનો પ્રયાસ કરવાનો અને સરકારી રેકોર્ડ સાથે છેડછાડ કરવાનો આરોપ છે.

## ભારતની સતર્કતા યથાવત, સંરક્ષણ મંત્રાલયના રિપોર્ટમાં ખુલાસો

# LAC પર ચીનની સેના ઓછી થઈ

નવીદિલ્હી, તા. ૧૪

છેલ્લા કેટલાક વર્ષોથી વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા લશ્કરી તણાવ વચ્ચે, સંરક્ષણ મંત્રાલયના વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ માં ચીનની લશ્કરી તૈનાતી અંગે મહત્વપૂર્ણ માહિતી બહાર આવી છે. અહેવાલ મુજબ, ૨૦૨૫ દરમિયાન ઉત્તરીય સરહદો પર પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ની તૈનાતીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. જોકે, ભારતે LAC પર તેની લશ્કરી તૈનાતીમાં કોઈ છૂટછાટ આપી નથી, કોઈપણ પડકારનો સામનો કરવા માટે તમામ ક્ષેત્રોમાં તેની લશ્કરી તૈયારી જાળવી રાખી છે. સંરક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ, ૨૦૨૫ માં, LAC અને ચીનના પરંપરાગત તાલીમ વિસ્તારોમાં આશરે ૧૦ સંયુક્ત શસ્ત્ર બ્રિગેડના કદનું PLA દળ તૈનાત કરવામાં આવ્યું હતું. સંયુક્ત શસ્ત્ર બ્રિગેડમાં સામાન્ય રીતે કેટલાક હજાર સૈનિકો



હોય છે. આના આધારે, ૧૦-બ્રિગેડ દળને આશરે ૪૦,૦૦૦ થી ૫૦,૦૦૦ સૈનિકોની સમકક્ષ ગણી શકાય. જોકે, સંરક્ષણ મંત્રાલયે તેના અહેવાલમાં સૈનિકોની ચોક્કસ સંખ્યા આપી નથી, તેથી ૪૦,૦૦૦-૫૦,૦૦૦નો આંકડો એક અંદાજ છે, સત્તાવાર સંખ્યા નથી.

ચીની તૈનાતીમાં ઘટાડો થયો હોવા છતાં, ભારતીય સેનાએ LAC પર તેની તૈનાતી ઘટાડી નથી. સંરક્ષણ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ભારતીય સેનાની તૈનાતી મજબૂત, સંતુલિત અને તમામ ક્ષેત્રોમાં કોઈપણ ઉભરતી પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે. આનો અર્થ એ છે કે ભારત PLA સંખ્યામાં ઘટાડાને સરહદ પરના ખતરાના સંપૂર્ણ નાબૂદ તરીકે જોતું નથી. ચીને LAC પર તેની લશ્કરી ક્ષમતાઓ જાળવી રાખી છે, જેમાં મિસાઇલો, તોપખાના, ટેન્ક અને હવાઈ સંરક્ષણ પ્રણાલી જેવી ક્ષમતાઓ છે. ૨૦૨૦ માં પૂર્વી લદ્દાખમાં શરૂ થયેલા લશ્કરી અવરોધ બાદ, ભારતે LAC પર તેની ઓપરેશનલ તૈયારીઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે. વધેલા સૈનિકોની તૈનાતીની સાથે, દેખરેખ, માર્ગ જોડાણ, હવાઈ સહાય અને લોજિસ્ટિકલ માળખા પર નોંધપાત્ર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ભારતીય સરહદની ભૂગોળ અત્યંત પડકારજનક છે. ઊંચા પર્વતો અને કઠોર હવામાન સૈનિકો અને લશ્કરી સાધનોની હિલચાલને મુશ્કેલ બનાવે છે. દરમિયાન, ચીન બાજુના ઘણા વિસ્તારોમાં પ્રમાણમાં સપાટ ઉચ્ચપ્રદેશ છે, જેના કારણે સૈનિકો અને લશ્કરી સાધનોની અવરજવર તુલનાત્મક રીતે સરળ બને છે. આ જ કારણ છે કે ભારત LAC સાથેના આગળના વિસ્તારોમાં નોંધપાત્ર લશ્કરી હાજરી જાળવી રાખે છે. ઓગસ્ટ ૨૦૨૫ માં ચીનના તિયાનજિનમાં આયોજિત SCO સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભાગીદારી દરમિયાન બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય સંપર્ક થયો હતો. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવા રાજકીય અને રાજદ્વારી સંવાદથી દ્વિપક્ષીય સંબંધોમાં સકારાત્મક વાતાવરણ બનાવવામાં મદદ મળી. હવે, BRICS સમિટમાં PM મોદી અને શી જિનપિંગ વચ્ચેની મુલાકાતે સંબંધોને વધુ ગરમ કર્યા છે. ભારત માટે પડકાર ફક્ત ચીનની સૈન્ય શક્તિ જ નહીં, પરંતુ કઅઈ પાછળ તેનું ઝડપથી વિકસતું લશ્કરી અને લોજિસ્ટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ છે. ચીને તિબેટ અને શિનજિયાંગમાં રોડ, રેલ નેટવર્ક, એરબેઝ અને લશ્કરી સુવિધાઓને સતત મજબૂત બનાવી છે. જવાબમાં, ભારત સરહદી વિસ્તારોમાં પણ ઝડપથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન (BRO) વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ઓલ-વેધર કનેક્ટિવિટી વિકસાવી રહ્યું છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### આજે ઋષિ પંચમી! જીવનમાં ઋષિ જેવી લોકકલ્યાણની ભાવના દ્રઢ બનવી જરૂરી છે



ઋષિ શબ્દ બોલતાં જ મનમાં એટલો સુંદર ભાવ આવે છે, અને વૈરાગ્યનું ફૂલ ખીલવા લાગે છે! તો સાક્ષાત ઋષિનું સાનિધ્ય પ્રાપ્ત થાય તો તો જીવન સુધરી જાય ! પણ કળિયુગ ઋષિનો કાળ નથી, એટલે એમ ઋષિ કેવી રીતે જોવા મળે? જોકે એમાં ભૂલ આપણી છે, આપણે એક નિશ્ચિત વેશભૂષાને ઋષિ એવું ઉપનામ આપી દીધું. ઋષિ શબ્દની સીધીસાદી વ્યાખ્યા કરીએ તો જે જ્ઞાની હોવાં છતાં આડંબર રહિત છે! અને જેની જરૂરિયાત શૂન્ય છે. અથવા ઋષિ એટલે જે કાળને આધીન નથી, અને અસ્તિત્વ તરફથી લોક કલ્યાણનાં કાર્ય માટે જ એનું પૃથ્વી પર અવતરણ થયું છે, અને સંસાર પણ જેને બાંધી શકે નહીં એ છે ઋષિ! અને એ ન્યાયે ઋષિપુરુષ એવા પપ્પાને આજે ઋષિ પાંચમે યાદ કરવાં બહુ જ જરૂરી છે. સમાજવાસી ઓએ જેને ઋષિ તરીકે માન આપ્યું હતું, તેવા દિવગંત આત્માનાં પરલોક ગમનને પાંચ વર્ષ થઇ ગયા, છતાં એ હજી પણ જીવંત અનુભવાય છે. એમના સંતાનો એનાં ગુણોનું સ્મરણ કરી તેમનાં પગલે જ્ઞાનની નવી ઉંચાઇ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. પપ્પા કહેતા સમય રહેતાં જેણે સમયને સાધી લીધો તેને પણ ઋષિ કહેવાય છે, એ સત્ય શીખ એમનામાંથી ગ્રહણ કરી છે.

ભાદરવા સુદ પાંચમને આપણે ત્યાં રુષિ પાંચમ તરીકે ઉજવવામાં આવે છે. સ્ત્રીઓનાં મુખ્ય ગુણધર્મ એટલે કે ઋતુચક્રમાં આવવાનાં સમયે, વાણી, વર્તન, વ્યવહારમાં, કોઈ દોષ થયો હોય તો, તેનાથી નિવારણ કરવા માટે વર્ષમા એકવાર આ વ્રત કરવું, એવી વર્ષોથી પરંપરા રહી છે. જેથી કરીને આ વ્રત આપણે ત્યાં મોટેભાગે સ્ત્રીઓ કરતી જોવા મળે છે. આમ પણ વ્રતો મોટેભાગે સ્ત્રીઓના નસીબમાં લખાયા છે. તે છતાં અમુક કુટુંબમાં મોટી ઉંમર થઈ જતા, પુરુષો પણ આ વ્રત કરે છે. કોઈ વ્યક્તિનું મરણ થાય તેની પાછળ પણ આ વ્રત થાય છે. ઋષિ જેવી સદગતિ મળે, અને ઋષિ તરીકેનો બીજો અવતાર મળે, એવી કંઈક માન્યતા આની પાછળ જોડાયેલી છે.

હિંદુ સનાતન ધારામાં ઋષિ શબ્દ બહુ મહત્વનો છે, પણ સદગુરુ કૃપાથી ઋષિનો અર્થ કરીએ, તો ''જે સંસારી હોવા છતાં પણ સંન્યાસી જેવું જીવન જીવે તે ઋષિ''. પહેલાના કાળમાં આ ઋષિઓ વનમાં વસતાં અને રાજા વગેરેનાં બાળકોને વિદ્યા પ્રદાન કરતા. તેમાં શ્રેણીઓ આવતી, કે રાજાનાં બાળકો આ ગુરુકુળમાં ભણવા જાય, અને અન્ય બીજે. ઉપરાંત રાજાની ધાર્મિક જરૂરિયાત માટે કુલ ગુરુ ઉપલબ્ધ રહેતા. ત્રેતા કાળમાં ઋષિ વશિષ્ઠ એ દશરથના કુળ ગુરુ તરીકે હતા, પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવનાર પણ એક ઋષિ જ હતા, જેને કારણે આપણને ભગવાન શ્રીરામ મળ્યા. રાક્ષસોના ત્રાસથી મુક્ત થવા માટે, વિશ્વામિત્ર ઋષિ દશરથ રાજા પાસેથી રામ-લક્ષ્મણને લઈ જાય છે, તે ઋષિ વિશ્વામિત્ર પણ પ્રખર પ્રજ્ઞાશાળી વ્યક્તિત્વ ધરાવતા ઋષિ હતા. વનવાસ વખતે અરણ્યમા વસતા શ્રીરામ અને સીતાને પણ કેટલા બધા ઋષિઓએ મદદ કરી. આ ઉપરાંત સીતાજીનો બીજી વખત જ્યારે ત્યાગ કરવામાં આવ્યો,ત્યારે સીતાજી વિશ્વામિત્રના આશ્રમમાં રહી અને લવ કુશને જન્મ આપે છે, અને વાલ્મિકી લવકુશને વિદ્યા પ્રદાન કરે છે. આ ઉપરાંત પણ શંકર પાર્વતી જેમની પાસે હરિકથા સાંભળવા જાય છે, તે કુંભજ ઋષિનો ઉલ્લેખ પણ રામાયણમાં થાય છે. ધનુષ ભંગ વખતે દુર્વાસા મુનિના ક્રોધનો આપણને પરિચય મળે છે.આ બધા જ ઋષિઓ સમાજને કંઈક ને કંઈક શિક્ષા આપી છે. એટલે કહેવાની વાત એ છે, કે ઋષિ એ સમાજને ઉપર ઉઠાવવા માટે બહુ જ મહત્વની ભૂમિકા ભજવે છે. આપણે તેને સામાજિક વૈજ્ઞાનિક કહી શકીએ.

આપણે ત્યાં મુખ્ય સાત ઋષિઓ એવાં છે, જેમણે કોઈને કોઈ રીતે સમાજનાં વિકાસમાં તે તેમનો મહત્વનો ફાળો છે, માટે તેમને આપણે સપ્તર્ષિ એવું બહુ નામ આપ્યું છે. વેદ પ્રમાણે તે ઋષિઓના કાર્યને નામ નીચે મુજબ છે.

આકાશમાં સાત તારાઓનું એક મંડળ જોવાં મળે છે. તેને સપ્તર્ષિઓનું મંડળ કહેવામાં આવે છે. ઉક્ત મંડળના તારાઓનુ નામ ભારતનાં મહાન સાત ઋષિ કે સંતોના આધાર પર જ મુકવામાં આવ્યુ છે. વેદોમાં ઉક્ત મંડળની સ્થિતિ, ગતિ, અંતર અને વિસ્તારની વિસ્તૃત ચર્ચા જોવા મળે છે. દરેક મનવંતરમાં સાત સાત ઋષિ થયાં છે. વૈવસ્તવત મનુનાં સમયમાં જન્મેલા સાત મહાન ઋષિયોનો ટૂંકો પરિચય

ચાર વેદમાં ઋગ્વેદમાં લગભગ એક હજાર સૂક્ત છે. લગભગ દસ હજાર મંત્ર છે. ચાર વેદોમાં લગભગ વીસ હજાર છે, અને આ મંત્રોના રચેતા કવિઓને આપણે ઋષિ કહીએ છીએ. બાકી ત્રણ વેદોના મંત્રોની જેમ ઋગ્વેદનાં મંત્રોની રચનામાં પણ અનેક ઋષિઓનુ યોગદાન રહ્યુ છે. પણ તેમાં પણ સાત ઋષિયો એવાં છે, જેમાં કુળોમાં મંત્ર રહેતાં ઋષિઓની એક લાંબી પરંપરા રહી. આ કુલ પરંપરા ઋગ્વેદના સૂક્ત દસ મંડળોમાં સંગ્રહિત છે, અને તેમાં બેથી સાત, મતલબ, છ મંડળ એવાં છે, જેને આપણે પરંપરાથી વંશમંડળ કહીએ છીએ. કારણ કે તેમાં છ ઋષિકુળોના ઋષિઓના મંત્ર એકત્ર કરવામાં આવ્યાં છે.

વેદોનો અભ્યાસ કરનારા એવાં સાત ઋષિઓના નામ ક્રમશ આ પ્રકારના છે. ૧. વશિષ્ઠ ૨. વિશ્વામિત્ર ૩. કણ્વ ૪. ભારદ્વાજ ૫ અત્રિ ૬. વામદેવ અને ૭ શૌનક.

વશિષ્ઠ ઋષિ, ત્રેતા કાળમાં રાજા દશરથના ફૂલ ગુરુ તરીકે તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી અને રામના જન્મ માટે તેઓ જવાબદાર છે તે વશિષ્ઠ ઋષિથી કોણ પરિચિત નથી!

વિશ્વામિત્ર, તે પણ ત્રેતા યુગના હતાં, વિશ્વામિત્રે ઈન્દ્રથી નારાજ થઈને ધરતી પર સ્વર્ગનીની રચના કરી હતી. આજના હરિદ્વાર સ્થિત શાંતિકુંજ છે, ત્યાં આગળ વિશ્વામિત્રે ઘોર તપશ્ચર્યા કરીને સ્વર્ગ સમાન ધરતી પર એક બીજું સ્વર્ગ નિર્માણ કર્યું હતું. આપણને ગાયત્રી મંત્રની ભેટ આપનાર પણ ઋષિ વિશ્વામિત્ર છે.

કણ્વ ઋષિ, શકુંતલા નામની પાલક પુત્રીનો ઉછેર અને ભરતનો જન્મ તેના આશ્રમમાં થયો હતો. શકુંતલા દુષ્યંતના ગાંધર્વ લગ્ન અને આગળની બધી જ કથા કણ્વ ઋષિના સમયની ઘટના છે.

ભારદ્વાજ ઋષિ, ભારદ્વાજ ઋષિ ત્રેતા યુગની શરૂઆતમાં ઋષિ છે, પિતા બૃહસ્પતિ અને માતા મમતાનુ તે સંતાન છે, અને છતાં રામ જન્મને રામ વનવાસ સમયે તેનો ઉલ્લેખ આપણને રામાયણમાં મળે છે. રામ વનવાસ વખતે શ્રીરામ તેમના આશ્રમમાં પણ ગયા તે કથા પણ છે.

અત્રિ, ઋગ્વેદનાં પંચમ મંડળનાં દ્રષ્ટા મહર્ષિ અત્રિ બ્રહ્માનાં પુત્ર, સોમના પિતા, અને કર્દમ પ્રજાપતિ અને દેવહૂતિની પુત્રી અનુસૂયાના પતિ હતા. અત્રિ જ્યારે બહાર ગયા હતાં ત્યાર ત્રિદેવ અનસૂયાના ઘરે બ્રાહ્મણના વેશમાં ભિક્ષા માંગવા લાગ્યા, અને અનુસૂયાને કહ્યુ કે જયારે તમે તમારા સંપૂર્ણ વસ્ત્ર ઉતારી દેશો ત્યારે જ અમે ભિક્ષા સ્વીકાર કરીશુ. ત્યારે અનુસૂયાએ પોતાના સતિત્વના બળ પર ઉક્ત ત્રણેય દેવોને અબોધ બાળક બનાવીને તેમને ભિક્ષા આપી. માતા અનુસૂયાએ દેવી સીતાને પતિવ્રતનો ઉપદેશ આપ્યો હતો.

વામદેવ, વામદેવે આ દેશને સામગાન એટલે કે સંગીત આપ્યુ. વામદેવ ઋગ્વેદના ચતુર્થ મંડળના સૂત્તદ્રષ્ટા, ગૌતમ ઋષિનાં પુત્ર અને જન્મત્રયીનાં તત્વવેત્તા માનવામાં આવે છે.

શૌનક શૌનકે દસ હજાર વિદ્યાર્થીઓના ગુરૂકુળને ચલાવીને કુલપતિનું વિલક્ષણ સન્માન મેળવ્યુ હતું, કોઈપણ ઋષિએ આવુ સન્માન પહેલીવાર મેળવ્યુ. વૈદિક આચાર્ય અને ઋષિ જે શુનક ઋષિના પુત્ર હતાં.

કાળની ગતિ ચક્રાકારે છે, અને પ્રમાણે જોઈએ તો કળિયુગ પછી સતયુગનું પુનરાવર્તન થઇ શકે છે! ફક્ત આપણે આપણી માનસિકતા બદલવાની જરૂર છે! સ્વકેન્દ્રી બહું જીવ્યા! હવે સ્નેહકેન્દ્રી જીવીએ. વર્ણની રીતે હોય કે વર્ગની રીતે સમાજનાં વિભાજન માટે આપણે જ જીવીએ છીએ એ સત્ય સ્વીકારી લોકકલ્યાણને મહત્ત્વ આપી જીવીશું, એ સંકલ્પ ઋષિ પાંચમનાં વ્રતનુ ખરું અર્થઘટન છે, અને હું પણ વૈરાગ્ય તો કેળવીને જ રહીશ! એવાં દ્રઢ વિશ્વાસ સાથે સૌને ઋષિ પંચમી ની ખૂબ ખૂબ શુભેચ્છા.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### સીતાજી ટાઉનશીપમાં મેન્ટેનન્સ ન ભરાનારા વસીમ વિરૂધ્ધ અવાજ ઉઠાવતાં મહિલા પર હુમલો

# તારી ઓકાતમાં નહિ રહે તો મારી નાંખશું!

## મુસ્લિમ શખ્સે પત્નિ, માતા, દિકરા સાથે મળી મહિલાના ઘરે જઇ ધમાલ મચાવીઃ વાળ પકડી પછાડી, હાથ મચકોડ્યોઃ તાલુકા પોલીસે એફઆઇઆર દાખલ કરી



રાજકોટ, તા.૧૪

અલગ અલગ ટાઉનશીપમાં રહેતાં લોકો વચ્ચે ઘણીવાર મેન્ટેનન્સ સહિતના મુદ્દે બોલાચાલી થતી હોય છે. આવી જ એક માથાકુટ શહેરના મવડી એંસી ફૂટ રોડ પર આવેલી સીતાજી ટાઉનશિપમાં એપાર્ટમેન્ટમાં બની હતી. અહિ મેન્ટેનન્સના પૈસા બાબતે થયેલા તકરારમાં એક મહિલા પર હુમલો કરી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો હતો. મુસ્લિમ શખ્સ મેન્ટેનન્સ ભરતો ન હોઇ મહિલાએ તેને ઉઘાડો પાડતાં ખાર રાખી આ શખ્સે પહેલા ફોનમાં ધમકી દીધી હતી પછી પોતાની પત્નિ, માતા, દિકરા સાથે મહિલાના ઘરે જઇ હુમલો કર્યો હતો અને તું તારી ઓકાતમાં નહિ રહે તો મારી નાંખશુ કહી વાળ પકડી પછાડી, હાથ મચકોડી ગાળો દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે સિતાજી ટાઉનશીપ ડી વીંગ ફ્લેટ નં. ૧૧૨માં રહેતાં દિપ્તીબેન મહેશભાઇ ઠકરાર નામના બત્રીસ વર્ષના મહિલાની ફરિયાદપ રથી ડી-વીંગમાં જ રહેતાં વસીમ કુરેશી, વસીમના માતા, વસીમની પત્નિ યાસ્મીન અને વસીમીનો પુત્ર અસલમ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ અગીયારમીના સવારે અગીયારેક વાગ્યે વિંગમાં પાણી આવતું બંધ થઈ ગયું હતું. આથી વિંગની મહિલાઓ એકઠી થઈ હતી અને ફરિયાદી દિપ્તીબેન તથા અન્ય રહેવાસી રેખાબેનને જણાવ્યું હતું કે તમારા બંનેના મેન્ટેનન્સના પૈસા બાકી છે. જેથી દિપ્તીબેન અને રેખાબેને કહ્યુ.હતું કે ચોથા માળે રહેતા વસીમ કુરેશીએ અગાઉના મહિનાનું મેન્ટેનન્સ આપ્યું નથી, તે પૈસા આપે પછી જ તેઓ પોતાના પૈસા ચૂકવશે.

આ પછી વિંગના ઝાહિદાબેને વસીમ પાસેથી મેન્ટેનન્સના પૈસા મેળવ્યા પછી દિપ્તીબેન અને રેખાબેને પણ પોતાના પૈસા ભરી દીધા હતા. પોતાના મેન્ટેનન્સ ન ભરવાના કારણે વાત બહાર આવી જતાં વસીમ કુરેશી આવેશમાં આવી ગયો હતો. તેણે તારીખ અગીયારમીના સાંજે આઠેક વાગ્યે દિપ્તીબેનને ફોન કરી કહેલું કે તું મેન્ટેનન્સ ભરવામાં કેમ મારો વાદ કરે છે? તેમ કહી અશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. મહિલાએ અપશબ્દો બોલવાની ના પાડતાં વસીમે તારી ઓકાતમાં રહેજે, તને મારી નાખતા વાર નહીં લાગે તેવી ધમકી આપી હતી. આ ઉપરાંત વસીમની માતાએ પણ ફોન પર ગાળો આપી ઉભી રહે અમે તારા ઘરે આવીએ છીએ તેમ કહ્યું હતું. ધમકી આપ્યા બાદ વસીમ કુરેશી, તેની પત્નિ યાસ્મીન, પુત્ર અસલમ અને વસીમની માતા દિપ્તીબેનના ઘર પાસે આવી પહોંચ્યા હતા અને માથાકૂટ કરી ગાળો બોલવા લાગ્યા હતા.

આ દરમિયાન યાસ્મીને દિપ્તીબેનના વાળ પકડીને મોઢા પર ઢોર માર માર્યો હતો અને હાથ મચકોડી નાખતા ડાબા હાથમાં ઈજા થઇ હતી. દિપ્તીબેને ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ આરોપી વસીમ કુરેશી નાની નાની વાતમાં અવાર-નવાર તેના ઘરે આવીને તેના કાકા તથા પિતાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપે છે. વસીમ પોતાના ગેરકાયદેસર ધંધા ચલાવતો હોય અને પોતે તેનો વિરોધ કરતા હોવાથી તેને અંગત અદાવતમાં ટાર્ગેટ કરવામાં આવી રહી છે. તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં હેડકોન્સ. યશપાલસિંહ ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ઘટનાના વિડીયો પણ સોશિયલ મિડીયામાં વહેતા થયા હતાં.

### પૈસાની લેતીદેતી વધુ એક વખત લોહીયાળ નીવડી : મામલતદાર ઓફિસ પાસે હુમલો

# વેપારી પર જુના પરિચીતે છરીથી હુમલો કરતાં પચાસ ટાંકા આવ્યા

## વેપારીએ નાણા રોક્યા હોઇ મંડળી બંધ થઇ જતાં ઉઘરાણી ચાલુ કરતાં મંડળી ચલાવનારાને ન ગમ્યુ અને તૂટી પડ્યો

રાજકોટ, તા.૧૪

પૈસાની લેતીદેતી મામલે મારામારીની વધુ એક ઘટના બની હતી. જેમાં લક્ષ્મીવાડીમાં રહેતાં અને ગુરૂ પ્રસાદ ચોકમાં દુકાન ચલાવતાં વેપારી પર તેના સાત વર્ષ જુના પાડોશીએ ગોંડલ રોડ મામલતદાર ઓફિસ પાસે છરીથી હુમલો કરી આડેધડ ઘા મારી દેતાં પચાસ જેટલા ટાંકા આવ્યા છે. આ શખ્સની મંડળીમાં વેપારીને નાણાનું રોકાણ કર્યુ હોઇ મંડળી બંધ થઇ જતાં વેપારીએ પોતાના અઢાર હજારની ઉઘરાણી કરી હોઇ તેનો ખાર રાખી આ હુમલો કરાયો હતો. જેના કારણે તેમને પચાસ ટાંકા લેવા પડ્યા હતાં.

વિગતો જોઇએ તો આ બનાવમાં માલવીયાનગર પોલીસે લક્ષ્મીવાડી મેઇન રોડ પર ક્વાર્ટર નં. ૫૭માં રહેતાં અને ગુરૂપ્રસાદ ચોકમાં રૂચિતના સેલ્સ એજનસી નામે કોસ્મેટીક આઇટમની દુકાન ચલાવતાં પરેશભાઇ સુરસીંગભાઇ ડોડીયા નામના છેતાલીસ વર્ષના વેપારીની ફરિયાદ પરથી સંજય વાઘેલા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. પરેશભાઇ પરિવાર સાથે રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે સાતેક વર્ષ પહેલા અમારી બાજુમાં સંજય વાઘેલા કોઇ




મંડળીની સ્કીમ ચલાવતાં હતાં. જેથી મારા સંપર્કમાં આવ્યા હતાં. મેં તે મંડળીમાં ખાતુ ખોલાવ્યું હતું અને હું તેમાં દર મહિને રૂા. ૪૦૦ ભરતો હતો. ત્રણેક વર્ષ પહેલા સંજયની આ સ્કીમ કોઇ કારણોસર બંધ થઇગઇ હતી. જે સ્કીમમાં મારે અઢારેક હજાર રૂપિયા હતાં.

તે મારે તેની પાસેથી લેવાના હતાં. આ પછી આજથી દોઢેક વર્ષ પહેલા સૂર્યકાંત હોટેલ પાસે સંજયને મેં મારા રૂપિયા બાબતે પુછતાં તેણે ગલ્લા તલ્લા કર્યા હતાં. બાદમાં આજથી દોઢ મહિના પહેલા હું મારી દુકાને હતો ત્યારે સંજય અમારી બાજુની પાનની દુકાને ફાકી ખાવા આવતાં હું ત્યાં ગયો હતો અને ફરીથી મારા રૂપિયાનું પુછતાં તેણે મને ગાળો દઇ મારી નાખવાની ધમકી આપતાં હું દુકાન બંધ કરી ઘરે જતો રહ્યો હતો. આ પછી રવિવારે ૧૩/૯ના બપોરે સવાએક વાગ્યા આસપાસ ગુરૂપ્રસાદ ચોકથી હું મારા ઘરે જતો હતો ત્યારે સ્વામિનારાયણ ચોકથી ગોંડલ રોડના રસ્તે મામલતદાર કચેરી પાસે પહોંચતા સંજય તેનું વાહન મારી પાસે ઉભુ રાખી નીચે ઉતરી છરી કાઢી મને ગાળો દેવા માંડ્યો હતો અને આડેધડ મને ઘા મારી દીધા હતાં. તેના કારણે મને પેટમાં ડાબા ભાગે, કોણીના ભાગે, પીઠના ભાગે, ડાબા હાથની આંગળીમાં, જમણા હાથમાં ઈજા થઇ હતી. જાણ થતાં મારી દિકરી અને દિકરો આવી ગયા હતાં અને હોસ્પિટલે ખસેડ્યો હતો. અહિ ડોક્ટરે આખા શરીરે પચાસેક ટાંકા લીધા હતાં. તેમ વધુમાં પરેશભાઇએ જણાવતાં પીએસઆઇ ડી. બી. ગાધેએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



# મામાદેવના મંદિરમાં બે ચોર પગલા પાડી ગયા : ચાંદીના છત્તર ગયા

## સીસીટીવી કેમેરામાં બંને કેદ થયા : ગોંડલ બી-ડિવીઝન પોલીસે તપાસ આદરી

રાજકોટ, તા.૧૩

ગોંડલના ભોજલપરા શેરી નં. ૧માં રહેતા અને કુંભારવાડામાં મામાદેવના મંદિર અંદર શ્રીફળ અને પુજાપાની દુકાન ચલાવવા ઉપરાંત મંદિરના ટ્રસ્ટી મયુરભાઇ ચંદુલાલ દેસાણી નામના ચાલીસ વર્ષના યુવાનએ મંદિરનું તાળુ તોડી તસ્કરો દોઢ લાખની કિમતના ચાંદીના છતરચોરી ગયાની ગોંડલ સીટી બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. મયુરભાઇએ પોલીસને જણાવ્યું કે તે ગઇકાલે ઘેર હતા ત્યારે હિતેષભાઇ ઠુમ્મરે કોલ કરી વાત કરી હતી કે, ‘ હું મંદિરે આરતી કરવા આવ્યો છુ જોયુ તો મંદિરે તાળુ ન હતું.

મંદિરના દરવાજોના કાચ તુટેલો છે. મંદિરની અંદર ચડાવેલ છતર પણ નથી’ કહેતા તેણે ત્યાં જઇને જોતા કાચનો દરવાજો તુટેલો હતો. મંદિરમાં પચાસેક વર્ષથી શ્રધ્ધાળુઓએ ચઢાવેલા રૂા. એકાદ કિલોના નાના-મોટા ચાંદીના છતર ચોરી થયાનું જાણવા મળ્યુ હતું. સીસીટીવી ફુટેજ ચેક કરતા રાત્રે ૧,૪૦ થી ૨.૦૫ના સમયે બે રેઇનકોટ પહેરેલ તસ્કરો મંદિરની દિવાલ કુદી ગ્રીલનું તાળુ તોડી ચોરી કરી જતા કેદ થતા ફરીયાદ નોંધાવી હતી ગોંડલ બી-ડીવીઝન પોલીસે ગુનો દાખલ કરી વધુતપાસ હાથધરી છે.

### નિવૃત રેલ્વે કર્મચારી ઘરે હતાં ત્યારે હિન્દીભાષીએ ફોન કર્યો અને લોનની ઓફર દઇ છેતર્યા

# APK ફાઇલથી ગોંડલના વૃધ્ધના સાડા ત્રણ લાખ ઉસેડ્યા

## બેંક કર્મીના નામે ફોન કરનારે સાત લાખથી વધુની લોન પાસ કરાવી જમા કરાવી અને તેમાંથી રોકડા ઉપાડી લીધાઃ બીજી ઘટનામાં ગોંડલના યુવાનને ડરાવી સાળા બનેવીએ ચાર લાખ પડાવી લીધા

રાજકોટ તા. ૧૪

શહેર જીલ્લામાં સાબયર ક્રાઇમના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. આ વચ્ચે રાજકોટના ગોંડલના ગોકુલ વાટીકા સોસાયટીમાં રહેતા અતુલભાઇ જમનાદાસ બોસમીયા નામના સડસઠ વર્ષના વૃધ્ધને ગઠીયાએ એસબીઆઇ કર્મચારીના નામે ફોન કરી બેંકની યોનો એપ વાપરતા હોવ તો લોનની ઓફર છે તેમ કહી મેસેજ લિંક મોકલી એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરાવી તેનો ફોન હેક કરી રૂપિયા ત્રણ લાખ અઠાવન હજાર પડાવી લીધા હતાં. તો બીજી ઘટનામાં ગોંડલના યુવાન પાસેથી જુનાગઢના સાળા બનેવીએ બળજબરીથી ચાર લાખ પડાવી લીધા હતાં.

પ્રથમ બનાવની વિગતો પર નજર કરીએ તો ગોડલ રહેતાં વૃધ્ધઅતુલભાઇ બોસમીયાને ગઠીયાએ ફોન કરી પોતે બેંક કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી હતી. પછી એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરાવી રૂા. ૭.૧૦ લાખના પર્સનલ લોન એપ્રુવ કરવી તેમાંથી ૩.૫૮ લાખના ટ્રાન્જેકશન કરી ઠગાઇ કર્યાની ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થતાં તપાસ શરૂ થઇ હતી. ગોંડલ સીટી બી ડીવીઝનના એએસઆઇ બી.આર. ખાચર આ મામલે અતુલભાઇ બોસમીયાની ફરીયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ આગળ વધારી હતી

વિશેષ માહિતી અનુસાર અતુલભાઇએ પોલીસને જણાવ્યું કે તે અગાઉ રેલ્વેમાં નોકરી કરતા હતા. તેઓ ઘેર હતા ત્યારે અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે હિન્દી ભાષામાં હું એસ.બી.આઇ. બેંકના હેલ્પ ડેસ્કમાંથી બોલુ છું તમે બેંકની યુનો એપ વાપરતા નથી. તેમાં લોનની ઓફર છે. જેથી મેં તમારા વોટસએપમાં યુનોએપ ખોલીને જોતા એસ.બી.આઇ. બેંકના લોગોવાળી એપીકે ફાઇલ મોકલી હતી. જેના પર કલીક કરી ઇન્સ્ટોલ કરતા કોલ કરનાર ફોન નંબર, એ.ટી.એમ. કાર્ડ, પીન નંબર અને ઓ.ટી.પી. સહિતની માહિતી માંગી હતી.

જે તેને આપતા જ ફોન કટ થઇ ગયો હતો.



સાંજના સમયે તેના મોટા પુત્રએ ફોન ચેક કરી તેને જણાવ્યું હતુ કે ‘પપ્પા બેંક એકાઉન્ટમાંથી અલગ અલગ ટ્રાન્ઝેકશન નથી રૂા. ૩.૫૮ લાખ અન્ય એકાઉન્ટમાં ગયા છે. તેમ વાત કરી હતી. આથી બેંકના હેલ્પલાઇન નંબર પર ફોન કરી માહિતી માંગતા તેના બેંક એકાઉન્ટમાં ૭.૧૦ લાખની પર્સનલ લોન જમા થયાનું અને તેમાંથી ટ્રાન્ઝેકશન થયાનું જાણવા મળતા ફરીયાદ નોંધાવી હતી. આમ ગઠીયાઓએ બારોબાર આ વૃધ્ધના નામે પર્સનલ લોન લઇ તેના ખાતામાં રકમ જમા કરાવડાવી તેમાંથી સાડા ત્રણ લાખથી વધુની રકમ પડાવી લીધી હતી.

બીજી ઘટના જોઇએ તો ગોંડલની આશાપુરા ચોકડી પાસે રહેતા અને પ્રાઇવેટ નોકરી કરતા મુળ જૂનાગઢના માખીયાળા ગામના અઠ્ઠાવીસ વર્ષના યુવાન સંદીપભાઇ કાનજીભાઇ રેવરને ધમકાવી જૂનાગઢના સાળા-બનેવીએ બળજબરીથી ધમકી આપી રૂપિયા ચાર લાખ પડાવી લીધાની ફરીયાદ દાખલ થઇ હતી. આ મામલે સંદીપભાઇએ જૂનાગઢમાં શબ્બરી સુમરા અને તેના સાળા સામે ગોંડલ તાલુકા પોલીસમથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે તે બે વર્ષ અગાઉ ફેરલીંપ ઇન્ચાર્જ તરીકે નોકરી કરતા હતા જયા આરોપી શબ્બીર સુપરવાઇઝર હતાં.

એ વખતે શેઠને કામ બરાબર ન લાગતા છુટા કરી દીધા હતા. જેથી છ માસથી તે બીજી કંપનીમાં જોબ કર્યા બાદ ઓરસન કંપનીએ તેને ફરી જો પર લીધા જયારે શબ્બીરને કામ પર લીધો ન હતો આઠેક માસ પહેલા શબ્બરી કોલ કરી’ તુ તારી રીતે પાછો કંપનીમાં લાગી ગયો છે. મને કંપનીમાંથી કઢાવી નાખેલ છે હવુ હું તારી જીંદગી બગાડી નાખીશ કહી અવાર નવાર ધમકાવતો હતો એટલુ જ નહી તેના માતા અને બહેનને ઉપાડી લેવાની પણ ધમકી આપી કરાવતો હતા. ગઇ તા. ૩૧/૧માં આરોપીના સાળાએ તેને કોલ કરી ‘મારા બનેવી શબ્બીરે દવા પી લીધી છે. તમારે લીધે પીધી છે કંઇ થાશે તો તારૂ નામ હું આપી દઇશ કહી ધમકાવી અલગ-અલગ સમયે મારફતે બળજબરીથી રૂા. ૪,૦૧,૦૦૦ લાખ પાડવી લઇ આ વાત કોઇને કહીશ અને પોલીસ કરીશ તો અમારા માણસો તને ઉપાડી લેશે અને જાથી મારી નાખશે કહી ધમકી આપી હતી. આ પછી ડરાવી ધમકાવી તેની પાસેથી રકમ પડાવી લીધી હતી.

### અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો:ઉ વધુ પાંચ પરિવારે સ્વજન ગુમાવ્યા

# ઓગણીસ વર્ષના યુવાનનું તૂફાનની ઠોકરે મોત

## મોટરસાઇકલ હંકારી કામે જતો હતો અને કાળ ભેટ્યોઃ એક યુવાને એસિડ પી જીવ દીધાઃ ત્રણ બનાવોમાં બેભાન થઇ ગયા બાદ બે યુવાન અને પ્રૌઢના મૃત્યુઃ બે ઘટનામાં યુવાન-સગીરાએ કર્યા આપઘાતના પ્રયાસ

રાજકોટ, તા. ૧૪

અપમૃત્યુની કરૂણ ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો હતો. વાહન અકસ્માતને કારણે એક યુવાનનું મોત થયું હતું તો બીજા બનાવમાં એક યુવાને એસિડ પી આપઘાત કરી લીધો હતો. અન્ય બનાવમાં બે યુવાનના બેભાન હાલતમાં મોત થયા હતાં. તો એક પ્રૌઢ પણ બેભાન થયા બાદ જીવ ગયો હતો. અન્ય બે કિસ્સામાં યુવાન અને યુવતિએ આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે ખસેડાયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વાહન અકસ્માતનો વધુ એક બનાવ જીવલેણ નીવડ્યો હતો. પડધરીના સુવાગ નજીક તૂફાન ગાડીની ઠોકરે બાઇક ચડી જતાં બાઇકચાલક સરપદડ ગામે રહેતાં ૧૯ વર્ષના યુવાનનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. સરપદડ રહેતો ઓગણીસ વર્ષનો મુકેશ સુરેશભાઇ ડાભી નામનો યુવાન ગઇકાલે સવારે ઘરેથી બાઇક હંકારી મેટોડા ગામે નોકરી પર જતો હતો.

આ વખતે રસ્તામાં સુવાગ નજીક તેના બાઇકને તૂફાન ગાડીની ટક્કર લાગતાં તે રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. મુકેશને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુઅ હિ દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર યુવાન બે ભાઇમાં નાનો હતો. તે કારખાનામાં કામ કરતો હતો. કારખાને જતી વેળાએ આ બનાવ બન્યો હતો. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરી હતી.

બીજી ઘટનામાં ગોંડલ રોડ પર આંબેડકરનગર-૬માં રહેતાં વીસ વર્ષના ભાર્ગવ રામદાસભાઇ પરમાર નામના યુવાને એસિડ પી લેતાં સારવાર દરમિયાન મોત થયું હતું. અગીયારમી તારીખે તેણે આ પગલુ ભર્યા બાદ દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ જીવ બચ્યો નહોતો. તે ચાર ભાઇ અને એક બહેનમાં મોટો હતો. ચાર વર્ષથી આંચકીની બિમારી હોઇ તેનાથી કંટાળી જઇ આ પગલુ ભયુ હતું.

ત્રીજી ઘટના જોઇએ તો ધ્રાંગધ્રામાં મયુરનગર ફાટક નંબર ૫૦ની સામે પાણીની ટાંકી નજીક રહેતો મુળ રાજસ્થાનનો લક્ષમણ માંગીલાલ બામન નામનો છવ્વીસ વર્ષનો યુવાન



ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રાંગધ્રા પોલીસને જાણ કરી હતી. મૃતક અહિ રહી કડીયા કામ કરતો હતો. તે ચાર ભાઇમાં બીજો અને અપરિણીત હતો. દારૂ પીવાની આદત હોઇ તેના કારણે કીડની લીવરમાં તકલીફ થઇ જતાં બિમાર થઇ ગયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રાંગધ્રા પોલીસને જાણ કરી હતી.

ચોથા બનાવમાં જીવરાજ પાર્ક અંબીકા ટાઉનશીપમાં રહેતાં અંકિતભાઇ અમૃતલાલ ફળદુ નામના તેત્રીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇજતાં અને પાંચમા બનાવમાં રાજકોટના સાતડા ગામના ચોપન વર્ષના મંગાભાઇ કાનાભાઇ સોલંકી બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ બંનેના મૃત્યુ થયા હતાં.

આપઘાતના પ્રયાસના બનાવની વિગતો જોઇએ તો પોપટપરામાં ઠાકરશી પાન પાસે રહેતાં જુલ્ફીજ હનીફભાઇ મજદુલ નામના એકવીસ વર્ષના યુવાને કપડા ધોવાનું લિક્વીડ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પ્ર.નગર પોલીસને જાણ કરાઇ હતી. જુલ્ફીજ બે ભાઇમાં નાનો છે અને શો રૂમમાં નોકરી કરે છે. તેની સગાઇ તાલાલાની યુવતિ સાથે બે વર્ષ પહેલા થઇ છે. જો કે હવે યુવતિ સગાઇ તોડી નાંખવાનું કહેતી હોઇ તેને માઠુ લાગતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું.

આવી બીજી ઘટનામાં રાણાવાવના બાપોદર ગામે માલદેભાઇ ભીમાભાઇની વાડીમાં પરિવાર સાથે રહી મજુરી કરતી મુળ મધ્યપ્રદેશની સત્તર વર્ષની સગીરા વાડીએ ઝેરી દવા પી જતાં સારવાર માટે પોરબંદર અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં રાણાવાવ પોલીસને જાણ કરવામાં આવી છે. સગીરા માતા-પિતાની એકની એક દિકરી છે. તેણીના માતાએ કહ્યું હતું કે એમપીમાં સગામાં થતો એક છોકરો તેણીને સતત ફોન કરી હેરાન પરેશાન કરતો હોઇ કંટાળી જતાં તેણીએ ઝેરી દવા પી લીધી હતી. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. આ તમામ ઘટનાઓ સિવિલ હોસ્પિટલના ચોપડે નોંધાઇ હતી.

# પંદર લાખ માટેં યુવાનને મિત્રએ ઘુસ્તાવી ધમકી દીધી

## પહેલા ભક્તિનગર સર્કલે લાફા માર્યા પછી શાસ્ત્રીમેદાન પાસે બટાઝટી બોલાવીઃ દોસ્તીમાં દરાર પડી અને મિત્રો હવે ફરિયાદી-આરોપી બની ગયા

રાજકોટ તા. ૧૪

પૈસા મામલે થતી માથાકુટને કારણે દોસ્તીમાં પણ દરાર પડી જતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાન અગાઉ જે તે કંપનીનો ડીરેકટર હતો ત્યારે તેના ીમિત્રએ પંદાર લાખનું રોકાણ કર્યુ હતું. પરંતુ કંપનીનો માલિક દુબઇ ભાગી જતાં યુવાન પાસેથી તેના મિત્રએ પોતે રોકાણ કરેલા નાણાની ઉઘરાણી ચાલુ કરી હતી. આ પછી વાત વણસતાં મળવાના બહાને બોલાવી આ યુવાનને મિત્રએ ભક્તિનગર સર્કલ પાસે મારકુટ કરી ધમકી દીધી હતી. બાદમાં વાહનમાં બેસી પોલીસ કમિશનર કચેરીએ જતી વખતે શાસ્ત્રીમેદાન પાસે ફરીથી મારકુટ કરી લીધી હતી.



વિગતો પર નજર કરીએ તો શહેરના ઢેબર રોડ પર આવેલી લાલ બહાદુર સોસાયટીમાં રહેતાં અને જમીન-મકાન લે-વેચનો ધંધો કરતાં યુવાન પર ભક્તિનગર સર્કલ પાસે પૈસાની લેતી દેતી મામલે તેના જ મિત્રએ હુમલો કરી માર મારતાં અને ધમકી આપતાં ફરિયાદ થઇ છે. ચાર વર્ષ પહેલા આ યુવાન મારફત મિત્રએ ક્રાઉડ પાવર નામની કંપનીમાં પંદર લાખ રૂપિયાનું રોકાણ કર્યુ હતું. પણ કંપનીનો માલિક નાણા ઉસેડી દુબઇ ભાગી જતાં હવે રોકાણ કરનારે જમીન મકાનના ધંધાર્થી એવા મિત્ર પાસે પોતાના નાણાની ઉઘરાણી ચાલુ કરી હતી. આ અંગેની વાત કરવા બોલાવી મારામારી કરાઇ હતી. અટીકા લાલબહાદુર સોસાયટી-૨ બ્લોક નં. બી-૨૭-એ ખાતે રહેતાં અને જમીન મકાન લે વેંચનો ધંધો કરતાં ત્રીસ વર્ષના ક્રિપાલસિંહ મનહરસિંહ જાડેજા નામના યુવાન રાતે સાડા બારેક વાગ્યે ભક્તિનગર સર્કલ પાસે હતાં ત્યારે તેના જ મિત્ર વિનીત વિનાયકભાઇ ભટ્ટે ઝઘડો કરી માર મારતાં સારવાર લીધી હતી.

તે સારવાર સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતાં તેની ફરિયાદ પરથી ગુનો દાખલ કરાયો હતો. ફરિયાદની વિગત મુજબ આશરે ચાર વર્ષ પહેલાં ક્રિપાલસિંહ જાડેજા ક્રાઉડ પાવર નામની કંપનીમાં ડાયરેક્ટર તરીકે નોકરી કરતા હતા. તે સમયે ક્રિપાલસિંહની સલાહથી તેના મિત્ર વિનિત ભટ્ટે આ કંપનીમાં રૂ. પંદર લાખનું રોકાણ કર્યુ હતું. પણ કંપનીનો માલિક કૃણાલ પાટડીયા તમામ નાણાં લઈને દુબઈ ભાગી ગયો હતો. આથી વિનિત ભટ્ટે પોતાના પંદર લાખ રૂપિયાની ઉઘરાણી મિત્ર ક્રિપાલસિંહ પાસે અવારનવાર કરી હતી. ક્રિપાલસિંહે સગવડ થાય તેમ ધીરે-ધીરે પૈસા ચુકવશે તેમ કહ્યું હતું. દરમિયાન રવિવારે મોડી રાતે આશરે સાડા બાર વાગ્યે વિનિતએ ક્રિપાલસિંહને ફોન કરીને ભક્તિનગર સર્કલ પાસે અંજુ પાન પાસે મળવા બોલાવ્યા હતા.

ક્રિપાલસિંહ ત્યાં પહોંચતા વિનીતે ઉશ્કેરાઈને ઝઘડો શરૂ કર્યો હતો અને હવે રૂપિયા પાછા આપવાના છે કે નહિ તેમ પુછી ગાળાગાળી અને મારા મારી ચાલુ કરી દીધી હતી. આ વખતે વિનીતે ડાબા કાનના ભાગે બે ઝાપટો મારી દીધી હતી. ત્યારબાદ વિનિતે તું હવે સી.પી. ઓફિસે મારી સાથે આવ તેમ કહેતાં ક્રિપાલસિંહે તેને પોતાના સ્કૂટરમાં પાછળ બેસાડી દીધો હતો અને બંને સી.પી. ઓફિસે જવા નીકળ્યા હતાં. આ દરમિયાન શાસ્ત્રી મેદાન રાજકુમાર કોલેજ પાસે પહોંચતા વિનિતએ સ્કૂટર ભું રખાવી દીધુ હતું.

ત્યારબાદ ક્રિપાલસિંહને નીચે ઉતારી ફરીથી ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો અને જો પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ગંભીર ધમકી આપી હતી. આ પછી વિનીતે હવે મને ભક્તિનગર સર્કલે પાછો મુકી જા તેમ કહેતાં ક્રિપાલસિંહ તેને ત્યાં ઉતારવા ગયેલ અને ઘરે જઇ સુઇ ગયા હતાં. સવારે ઉઠીને જતાં ડાબા કાનમાંથી લોહી નીકળતું હોઇ બે અલગ અલગ ખાનગી હોસ્પિટલે ગયેલ. પરંતુ ત્યાં ડોક્ટર ન હોઇ સિવિલમાં સારવાર લીધી હતી. પીએસઆઇ પી. બી. વારોતરીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ પૈસાની લેતીદેતી મામલે માથાકુટ થતાં દોસ્તીમાં દરાર પડી હતી અને વાત પોલીસ સ્ટેશને પહોંચી હતી. આ ડખ્ખાને કારણે મિત્રો હવે ફરિયાદી અને આરોપી બની ગયા હતાં.

### યુવતિએ વિશ્વાસ મુકી ફોટા-સાત સેકન્ડનો વિડીયો મોકલી દીધો તેના આધારે બીભત્સ ચેટ કરવા દબાણ કરતો હતો

# ફેસબૂક ફ્રેન્ડ અફઝલે યુવતિને ફસાવીને કરી બ્લેકમેઇલ

## પડધરી પંથકની યુવતિ ભોગ બનીઃ રાજકોટ ગ્રામ્ય સાયબર ક્રાઇમ અને પડધરી પોલીસે વિકૃતને જયપુરથી દબોચ્યો

રાજકોટ તા. ૧૪

સોશિયલ મિડીયાના માધ્યમથી લેભાગુઓ સગીરાઓ, યુવતિઓને ફસાવી તેને બ્લેકમેઇલ કરતાં હોય છે અને તેની પાસે ન કરવાનું કરવા દબાણ કરતાં હોય છે. આવી જ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. જેમાં ગ્રામ્ય સાયબર ક્રાઇમ અને પડધરી પોલીસ સ્ટેશનની ટીમે સંયુક્ત કામગીરી કરીને સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતીને બ્લેકમેઇલ કરવાના અને તેના એકાઉન્ટનો ગેરકાયદેસર ઉપયોગ કરવાના ગંભીર ગુના આચરાના શખ્સને જયપુર રાજસ્થાનથી ઝડપી લીધો હતો.



વિગતો જોઇએ તો પડધરી પંથકની યુવતિને આરૂશ ઇદ્રીશીના નામથી ફેસબૂક ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી ફ્રેન્ડ બનાવી બાદમાં તેણી સાથે વાતો કરી તેના ફોટા અને સાતેક સેકન્ડનો વિડીયો મેળવી લઇ તેણીને અશ્લીલ ચેટ કરવા દબાણ કરી બ્લેકમેઇલ કરી તેણીના સગા સંબંધીઓનું એક ગ્રુપ બનાવી તેમાં ફોટા અને બીભત્સ લખાણ વાયરલ કરી દેવાયુ હતું. આ ગુનામાં આરોપીને જયપુરથી ઝડપી લેવાયો છે. જે મુળ યુપીનો વતની છે. પડધરી પોલીસમાં ભોગ બનનાર યુવતિના ભાઇની ફરિયાદ પરથી ગુનો દાખલ થયા બાદ પોલીસે ટેકનિકલ તપાસના આધારે આરોપી અફઝલ અહેમદ શાહબુદીન ઇદ્રીસીને રાજસ્થાનના જયપુર ખાતેથી ઝડપી પાડ્યો હતો.

આરોપી મૂળ ઉત્તરપ્રદેશના શ્રાવસ્તી જિલ્લાના ભીમગામ તાલુકાના ગુરૂવાહ ગામનો વતની છે. આ ઘટનાની વિગત મુજબ આશરે સાત મહિના અગાઉ આરોપીએ ફેસબુક પર આરૂશ ઇદ્રીશી નામના આઇડી પરથી ફરિયાદી યુવતીને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. યુવતીએ રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ આરોપીએ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ દ્વારા સંપર્ક કેળવીને વાતો શરૂ કરી હતી. ત્યારબાદ તેણે યુવતીના ફોટા અને ૭ સેકન્ડનો વીડિયો મેળવી લીધો હતો અને અશ્લીલ ચેટ કરવા માટે દબાણ કર્યું હતું.

યુવતીએ ઇનકાર કરતા આરોપીએ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યું હતું. આટલેથી તે ન અટકતાં યુવતીના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટનો પાસવર્ડ મેળવી પોતાના ફોનમાં લોગિન કર્યું હતુ અને તેના ૩૦ જેટલા સંબંધીઓનું ગ્રુપ બનાવી તેમાં અશ્લીલ તથા અપમાનજનક લખાણ અને ફોટા મૂકીને માનસિક ત્રાસ આપ્યો હતો. આ મામલે પડધરી પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ તથા આઇટી એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ પછી આ ગુનાની ગંભીરતા ધ્યાને લઇ નાયબ પોલીસ મહાનિરીક્ષક-રાજકોટ રેનજ નિલિપ્ત રાય અને જીલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પી.આઇ. આર. જે. ગોધમ, પી.એસ.આઇ. એ. એન. કામળીયા, હેડ કોન્સ્ટેબલ રવીભાઇ ચાવડા અને વૈભવભાઇ ગોહેલ તેમજ પડધરી પી.આઇ. એમ. જી. ચૌહાણ, કોન્સ્ટેબલ અરવીંદભાઇ બારૈયા, સંજયભાઇ ઓતરાજીયા, નિકુંજભાઇ વૈષ્ણવ અને વિજયભાઇ સરવૈયાની ટીમે ડિજિટલ પુરાવાના આધારે તપાસ હાથ ધરી આરોપીને જયપુરથી દબોચી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું. કોઇની પણ સાથે સોશિયલ મિડીયાથી સંપર્ક કર્યા બાદ તેના પર આંધળો વિશ્વાસ મુકી ફોટા વિડીયો મોકલતા પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે.

### રોકાણ પર ટુંકા ગાળામાં મોટો નફો લઇ લેવાની લ્હાય વધુ એકને દઝાડી ગઇ

# કૃપાએ ગ્રુપમાં એડ કર્યા અને વેપારીના વીસ લાખ ગયા

## ફેસબૂક પર વિડીયો જોઇ ક્લીક કરતાં જ સાયબર ગઠીયાએ શેર બજાર ટ્રેડીંગના નામે છેતરી લીધાઃ બીજા બનાવમાં જ્વેલર્સ સાથે ગેસ બીલ અપડેટના નામે સવા લાખની છેતરપીંડી

રાજકોટ તા. ૧૪

રોજેરોજ કોઇને કોઇ લોકો શેર બજારમાં ઓનલાઇન રોકાણ કરવાના નામે છેતરાઇ રહ્યા છે. આવા અસંખ્ય કિસ્સાઓ બની ચુક્યા છે અને લોકો આ વાતથી જાણકાર પણ હોય છે. આમ છતાં લાલચની જાળમાં આવી જાય છે અને લાખો રૂપિયા ગુમાવી બેસે છે. આવી જ એક ઘટનામાં શેર ટ્રેડીંગમાં ઉંચુ વળતર લેવા જતાં વેપારીને વીસ લાખનો ચૂનો ગઠીયાઓ લગાવી ગયા હતાં. આ કિસ્સામાં પણ ગઠીયાઓએ સોશિયલ મિડીયા માધ્યમ ફેસબૂકથી ફ્રોડ આચર્યુ હતું. વેપારી રીલ-વિડીયો જોઇ એક વ્હોટ્સએપ ગ્રુપમાં એડ થયા હતાં. અહિ કૃપા નામની યુવતિએ તેમની સાથે રોકાણ અંગેની વાતો કરી હતી અને લલચાવી લીધા બાદ શિકાર બનાવી લીધા હતાં. બીજા બનાવમાં જ્વેલરીના વેપારીને ગેસ બીલ અપડેટના નામે મેસેજ એપીકે ફાઇલ મોકલી એક લાખ ત્રીસ હજાર ગઠીયાઓએ પડાવ્યા હતાં.

પ્રથમ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા એક વેપારી સાથે શેરબજારમાં ચા વળતરની લાલચ આપીને રૂપિયા વીસ લાખથી વધુની ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે, જેમાં સાયબર ઠગે સોશિયલ મીડિયાની જાહેરાતોનો સહારો લીધો હતો. વધુ માહિતી અનુસાર ફરિયાદી હર્ષદ સૂર્યવંશી ફેસબુક પર વીડિયો જોઈ રહ્યાં હતાં, ત્યારે શેરમાર્કેટમાં ટ્રેડિંગની જાહેરાત જોઈને એક વોટ્સએપ ગ્રૂપમાં જોડાયા હતાં. આ ગ્રૂપના એડમિન અને મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસના નામે ખોટી ઓળખ આપતી કૃપા નામની યુવતીએ તેમને એક નકલી વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવીને શેરબજારમાં રોકાણ કરવાનું શરૂ કરાવ્યું હતું.

આ પછી આરોપીઓએ શરૂઆતમાં રોકાણ




સામે સારો નફો બતાવીને ફરિયાદીનો વિશ્વાસ જીતી લીધો હતો અને ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨૦,૬૯,૦૦૦ જેટલી માતબર રકમ જુદા જુદા બેંક ખાતાઓમાં જમા કરાવી લીધી હતી. બાદમાં જ્યારે વેબસાઈટ પર રૂા. ૨,૧૧,૦૦૦ નો નફો બતાવ્યા બાદ નાણાં ઉપાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે વધુ રકમ ભરવાનું દબાણ કરી ખાતું બ્લોક કરી દેવામાં આવ્યું હતું. આ મામલે છેતરપિંડીનો ભોગ બનેલા વેપારીએ રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી જેના આધારે વાઘોડિયા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

અન્ય એક છેતરપીંડી જોઇએ તો અમદાવાદ મણિનગરમાં રહેતા અને ઓનલાઈન જ્વેલરીનો વ્યવસાય કરતા ચુમાલીસ વર્ષીય એમસીએ શિક્ષિત વેપારી સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં અદાણી ગેસનું બિલ અપડેટ ન થવા બદલ રાત્રે કનેક્શન કાપી નાખવાની ધમકી આપવામાં આવી હતી. મેસેજમાં દર્શાવેલા નંબર પર સંપર્ક કરતા સામનેથી વ્યક્તિએ પોતાની ઓળખ અદાણી ગેસના કર્મચારી શ્રીકાંત મિશ્રા તરીકે આપી હતી.

આ પછી બિલ અને મેઈન્ટેનન્સ ચાર્જ ભરવાના બહાને ઠગે એક એપીકે ફાઈલ મોકલી હતી. આ ફાઈલ ઈન્સ્ટોલ કરતા અદાણી ગેસના લોગોવાળી એપ ખુલી હતી. વેપારીએ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા બિલ ચૂકવવાનો પ્રયાસ કર્યો પરંતુ એરર આવી હતી. શંકા જતાં તેમણે અદાણી ગેસની અધિકૃત હેલ્પલાઈન પર તપાસ કરી તો જાણવા મળ્યું કે તેમનું કોઈ બિલ બાકી નથી. આ દરમિયાન તેમના બેંક ખાતામાંથી બે તબક્કામાં કુલ રૂપિયા ૧.૩૦ લાખ ઉપડી ગયા હતા. આ અંગે વેપારીએ મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

એક યુવાનને શ્રમ અધિકારીના નામે ફોન કરી રૂપિયા પડાવનારો ઝડપાતાં બહાર આવી વિસ્તૃત હકિકત

# શ્રમ અધિકારી સમજ્યા તે રાજૂ ઉર્ફે ચકો નીકળ્યો!

## ક્યારેક આ શખ્સ મામલતદાર બનતો, ક્યારેક જેલર, ક્યારેક બની જતો નકલી પોલીસઃ રાજકોટ ગ્રામ્ય પોલીસે દબોચી લીધો








રાજકોટ, તા.,૧૪

ગઠીયાઓ કેવા કેવા સ્વાંગ રચી લોકોને છેતરતા હોય છે તેની પ્રતીતી કરાવતો કિસ્સાનો પર્દાફાશ થયો છે. જેતપુરમાં કણકીયા પ્લોટમાં રહેતા અને ભાદરના સામાકાંઠે નંદાણીયાનગરમાં શિવ ફિનીસીંગ નામે સાડી ફિનીસીંગનું કારખાનું ચલાવતા મીત મનસુખભાઇ ભુવા નામના પચ્ચીસ વર્ષના યુવાનને શ્રમ ઓફિસરના નામે ફોન કરી રૂપિયા પડાવનારો ઝડપાઇ જતાં ચોંકાવનારી હકકીત ખુલી હતી. આ ગઠીયાએ અગાઉ લોકોને નકલી આઇટી અધિકારી, નકલી જેલર, નકલી મામલતદાર બનીને પણ છેતર્યા હતાં.

વિગતો જોઇએ તો જેતપુરમાં રહેતાં કારખાનેદાર મીતને ગઠીયાએ નકલી કોલ કરી 'હું ગાંધીનગર સચીવાલયમાંથી શ્રમ ઓફિસર ડી.કે. પટેલ બોલુ છુ, તમારા કારખાનામાંથી અગાઉ ૮ બાળમજુરો પકડાયા હતા. તે બાબતે કલોર નોટીસ રીપોર્ટ બનાવવો છે' કહી રૂા.૪૦ હજાર માંગી રૂા.૧૦ હજાર પરાણે કઢાવી લેવાયાની જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ છે. જે ગુનાનો ભેદ પોલીસ ઉકેલી નાખી અમદાવાદથી રીઢા ઠગને ઝડપી લઇ પૂછતાછ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. મીતભાઇ ભુવાએ આ મામલે ડી.કે. પટેલ નામે ઓળખ આપનાર શખ્સ સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે, ગત બાવીસમી મેના તેના કારખાનામાં સરકારી શ્રમ અધિકારી અને બાળ નિરિક્ષક રાજકોટની કચેરીના સ્ટાફ અને પોલીસ સ્ટાફે ચેકીંગ કરી તે બાળશ્રમિકોને મુકત કરાવી તેની સામે ગુનો દાખલ કર્યો હતો.

જે કેસમાં તેને જામીન મળ્યા હતા. ગત તા.૨૬ના તેના મોબાઇલ પર કોલ આવેલ અને કોલ કરનાર ''ગાંધીનગર સચીવાલયમાંથી શ્રમ ઓફિસર ડી.કે. પટેલ બોલુ છુ, તમારો રાજકોટથી રીપોર્ટ આવ્યો છે, તમારા કારખાનામાંથી ૮ બાળમજુરો પકડાયા છે જે અંગે મારે કારખાનાનો કલોજર રીપોર્ટ બનાવવાનો છે. તમે કહેતા હોય તો હળવો રીપોર્ટ બનાવી આપુ. પરંતુ તમારે વહીવટ કરી રૂા.૪૦ હજાર આપવા પડશે. કહેતા તેને આટલા બધા થોડા હોય તેમ જવાબ આપતા આરોપીએ ''હું રીપોર્ટ કરૂ તો તમારૂ કારખાનુ ૯૦ દિવસ બંધ રહેશે'' તેમ વાત કરી હતી.

થોડીવાર બાદ વોટસએપ કોલ આવતા સહમતી આપી હતી. બે દિવસ બાદ ગઇ તા.૨૮/૫ ના તે મિત્ર જીતેન્દ્રભાઇ સાથે હતા ત્યારે આરોપીએ ફરી ડરાવી ફરી ૪૦ હજારની માંગણી કરતા તેને રૂા.૧૦ હજાર આપી બાકીના કારખાનાના નીલ રીપોર્ટ બાદ આપવાનું કહી તેને રકમ આપી હતી. જેતપુર ઉદ્યોગનગર પોલીસે આ મામલે ગુનો દાખલ કરી રેન્જ ડીઆઇજી નિર્લીપ્તરાય અને એસ.પી. વિજયસિંહ ગુર્જર અને નાયબ પોલીસ અધિક્ષક વી.જે. વ્યાસના માર્ગદર્શન હેઠળ તપાસ કરી આરોપી રાજેશ ઉર્ફે રાજુ ઉર્ફે ચકો નરેન્દ્રભાઇ ત્રિવેદી (ઉ.વ.૫૦ રહે.ઇસનપુર, મંગળેશ્વર મહાદેવ રોડ, અમદાવાદ)ને અમદાવાદથી ઝડપી લીધો હતો. આ કામગીરી રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઇ જે.પી. રાવ, જેતપુર ઉદ્યોગનગર પીઆઇ એસ.એચ. શર્મા, એએસઆઇ હરદેવસિંહ ચુડાસમા સહિતની ટીમે કરી હતી. આ ગઠીયાએ અગાઉ પણ નકલી અધિકારીઓના સ્વાંગ રચી લોકોને છેતર્યા હતાં. તેની વિગતો ખુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી.

---

સાયબર ગઠીયાઓએ વધુ એક વખત લોનના નામે શિકાર કર્યો

# એન્જિનીયર લોન ટોપઅપ કરાવવા જતાં ૧૮ લાખનો ડામ

### શરૂઆતમાં એક લાખ ટોપઅપ કરી પછી વીસ લાખ મંજુર થયાની લાલચ દીધી

### અલગ અલગ પ્રોસેસના નામે નાણા ઉસેડી લીધાઃ નકલી એનઓસી પણ મોકલી દીધી

રાજકોટ તા. ૧૪

ઓનલાઇન સસ્તી લોન અપાવવાના નામે ઠગાઇના બનાવો વધ્યા છે. રાજકોટ શહેરના એક વેપારી સસ્તી લોન લેવા જતાં તેર લાખનો ચૂનો લાગી ગયાની ઘટના તાજી જ છે. ત્યાં આવો બીજો બનાવ સામે આવ્યો હતો જેમાં એક એન્જિનીયર ઓનલાઇન લોન લેવા જતાં તેમને અઢાર લાખ આડત્રીસ હજારનો ડામ દઇ દેવાયો હતો. સાયબર ગઠીયાઓએ લોન ટોપઅપ કરાવવાથી વ્યાજ દર ઘટી જશે તેવી લાલચ આપી પ્રોસેસ કરાવડાવી હતી અને ઓનલાઇન ગઠીયાગીરી આચરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા એન્જિનિયર સાથે લોન અપાવવાની લાલચ આપી રૂપિયા અઢાર લાખ આડત્રીસ હજારની છેતરપિંડી થઈ હતી. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. લોન સેટલમેન્ટ અને ક્લોઝરના બહાને અલગ-અલગ બેંક ખાતામાં લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. વધુ માહિતી અનુસાર યુવકને બે વર્ષ પહેલા બજાજ ફાઈનાન્સની લોન લીધી હતી. હવે તેને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને ટોપઅપ કરાવવાથી વ્યાજદર ઘટાડી




આપવાની વાત કરાઈ હતી. બાદમાં અમન શર્મા અને અનીલ પ્રસાદ નામના શખ્સોએ બજાજ ફાઈનાન્સના કર્મચારી તરીકે વાતચીત કરી હતી. રૂ.એક લાખનું ટોપઅપ કરાવ્યા બાદ રૂપિયા વીસ લાખની લોન મંજૂર થશે તેમ જણાવી જરૂરી પ્રક્રિયા કરાવવામાં આવી હતી.

થોડા સમય બાદ ફરિયાદીના ખાતામાં રૂ.૨૦ લાખ જમા થયા હતા, જેમાંથી આરોપીઓએ રૂ.૧૫ લાખ બજાજ ફાઈનાન્સની એપ્લિકેશનમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ વધારાના રૂ.૫ લાખ પરત આપવાના બહાને અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂ.૫ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા અને ૨ એન્-લે ઈ-મેલ મારફતે રકમ મળી ગયાની રસીદ પણ મોકલવામાં આવી હતી. જોકે, લોન સેટલમેન્ટ ન થતાં ફરિયાદીએ લોન બંધ કરવાની માંગ કરી હતી. આરોપીઓએ લોન ક્લોઝ કરવા ચાર્જ ભરવો પડશે તેમ કહી બજાજ ફાઈનાન્સના બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરવાથી ચાર્જ નહીં લાગે તેવી વાત કરી હતી. આ રીતે ફરિયાદી પાસેથી અલગ-અલગ ખાતામાં કુલ રૂ.૧૩,૩૮,૫૫૦ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.

આ પછી લોન બંધ ન થતાં ફરિયાદીએ આરોપીઓ પાસે વારંવાર પૂછપરછ કરી હતી. દરમિયાન તાજેતરમાં બજાજ ફાઈનાન્સના નામે એનઓસી મોકલવામાં આવી હતી અને ત્યારબાદે કંપનીના સ્ટેમ્પવાળી વધુ એક એનઓસી મોકલાઈ હતી. શંકા જતા ફરિયાદીએ બજાજ ફાઈનાન્સની ઓફિસમાં જઈ દસ્તાવેજોની ખરાઈ કરાવતા બંને એનઓસી કંપની દ્વારા જારી કરાયા ન હોવાનું સામે આવ્યું હતું. જેથી સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. ફરિયાદીના જણાવ્યા મુજબ કુલ રૂ.૧૮,૩૮,૫૫૦ની ઠગાઈ થઈ છે. સાયબર ક્રાઈમ પોલીસે અમન શર્મા સહિતના શખ્સોના મોબાઇલ નંબર, ઈ-મેલ આઈડી, બેંક ટ્રાન્ઝેક્શન અને બનાવટી ફ્બ્દ સહિતના પુરાવાના આધારે તપાસ શરૂ કરી હતી. આમ ઓનલાઇન ગઠીયાઓ વધુ એક મોટી ઠગાઇ કરી જવામાં સફળ રહ્યા હતાં.

---

# ઓનલાઇન એપથી સંપર્ક કરી લાખો ઉસેડ્યા

### વૃધ્ધાને છેલ્લે બ્લેકમેઇલ કરવા માંડ્યોઃ એકવીસ લાખ ચોસઠ હજાર ગયાઃ બીજી ઠગાઈમાં ક્રેડીટ સોસાયટીના પુર્વ મંત્રી સામે સત્યોતેર લાખ છ્યાંસી હજારની છેતરપીંડીનો ગુનો

રાજકોટ તા. ૧૪

ઓનલાઇન પ્લેટફોર્મ લોકોને જેટલા ઉપયોગી છે એટલા જ ખતરનાક પણ છે. અહિ તમે જરાપણ ગફલત રાખશો તો તરત જ સાયબર ફ્રોડનો ભોગ બની જશો. ગઠીયા ક્યાં ક્યાં કેવા કેવા તુક્કાની જાળ ઓનલાઇન માધ્યમો પર બીછાવીને બેઠા હશે તે જાણી શકાશે નહિ. વધુ એક નવતર ઠગાઇ થઇ હતી. જેમાં એક સિનીયર સિટીઝને ઓનલાઇન સિંગર સ્ટાર મેકર એપના નામે ત્રેવીસ લાખ ગુમાવી દીધા છે. આ વૃધ્ધ મહિલાને આ એપ મારફત ગઠીયો ભેટી ગયો હતો અને બ્લેમકેઇલ કરી નાણા પડાવ્યા હતાં.

ચોંકાવનારી આ ઘટનાની માહિતી જોઇએ તો વડોદરામાં ઓનલાઇન સિંગર સ્ટાર મેકર એપ દ્વારા થયેલા પરિચયે એક સિનિયર સિટીઝન મહિલાને ૨૩ લાખ રૂપિયા ગુમાવવા પડ્યા છે. સેવાસી રોડ પર રહેતા મીનલબેન સાધીનો મધ્યપ્રદેશના હિતેશ ભગોરા સાથે સંપર્ક થયો હતો. હિતેશે માતા બીમાર હોવાનું કહી પૈસા પડાવ્યા અને બાદમાં બ્લેકમેલ કરી ધમકીઓ આપી. ગોત્રી પોલીસે ઠગ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ મીહતી જોઇએ તો વડોદરાના સેવાસી રોડ ઉપર કોલેબરા નજીક રહેતા સિનિયર સિટીઝન મીનુબેન સાધીએ પોલીસને કહ્યું છે કે સ્ટાર મેકર એપ મારફતે મારે હિતેશ કોમલલાલ ભગોરા




જે ઇન્દોરનો વતની છે તેની સાથે પરિચય થયો હતો. અમારી વચ્ચે મોબાઇલની આપ-લે થયા બાદ યુવક મને માતા તરીકે સંબોધતો હતો અને તેની સુખ દુઃખની વાતો પણ શેર કરતો હતો. ત્યારબાદ તેણે મને કહ્યું હતું કે મારી માતા સિરિયસ છે અને ઓપરેશનની કરાવવાનું હોવાથી પૈસાની ખૂબ જરૂર છે.

જેથી મેં તેના પર ભરોસો મૂકી મારા દાગીના મુથૂટ ફાઇનાન્સમાં ગીરવી મૂકી તેને રૂપિયા આપ્યા હતા. હિતેશએ મને તેનું આઈકાર્ડ તેમજ લેખિત કરાર પણ મોકલ્યા હતા જેમાં તેણે પૈસા ક્યારે ચૂકવીશ તેની મુદત પણ આપી હતી. પરંતુ ત્યારબાદ તેણે મને બ્લેકમેલિંગ કરવા માંડી હતી અને આપઘાત કરી તમને ફસાવી દઈશ તેમ કહીને વધુને વધુ રૂપિયા પડાવ્યા હતા. મહિલાએ પોલીસને કહ્યું છે કે, મેં હિતેશને ૨૩.૧૯ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જેની સામે તેણે મને માત્ર ૧.૫૫ લાખ રૂપિયા પરત આપ્યા હતા અને બાકીની ૨૧.૬૪ લાખ ઉપરાંતની રકમ હજી મને આપતો નથી અને ધમકી આપ્યા કરે છે. ગોત્રી પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ જે માતા કહીને સંબોધતો હતો તે ગઠીયાગીરી કરી ગયો હતો.

બીજી એક ઠગાઇ જોઇએ તો વલસાડમાં સહકારી ક્ષેત્રમાં નાણાકીય ગેરરીતિ અને કૌભાંડ સામે આવ્યું છે. ગુજરાત ઈલેક્ટ્રિસીટી બોર્ડ એમ્પ્લોઈઝ ક્રેડિટ સોસાયટી લિમિટેડના પૂર્વ મહિલા મંત્રી ચાંદનીબેન પટેલે પોતાના પદનો દુરુપયોગ કરીને રૂ. ૭૭.૮૬ લાખથી વધુની રકમની ઉચાપત કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાતા તપાસ શરૂ થઇ હતી. સોસાયટીના પ્રમુખ દિવ્યેશકુમાર દિલીપ મૈસુરીયાએ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ચાંદનીબેન પટેલ અલગ અલગ સમય દરમિયાન સોસાયટીમાં મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. આ સમયગાળામાં તેમણે સોસાયટીના વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકના ખાતામાંથી સોસાયટીના સભાસદ ન હોય તેવા વ્યક્તિઓના નામે કુલ ૧૭ બોગસ ચેક ઈશ્યુ કર્યા હતા.

તેમજ આ સોસાયટીની હંગામી રોકડ સિલકના રૂ. ૩,૬૫,૪૦૩ મળીને કુલ રૂ. ૭૭,૮૬,૪૦૩ ની નાણાકીય મતા બારોબાર પચાવી પાડી વિશ્વાસઘાત કર્યો હતો. ઓડિટમાં આ ઘટસ્ફોટ થતાં સીટી પોલીસ મથકે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. સોસાયટીના સભાસદોના પગારમાંથી લોનના હપ્તા કપાતા હોવા છતાં ખાતાકીય એન્ટ્રીઓમાં વિસંગતતા જણાતા શંકા ગઈ હતી. વલસાડ જિલ્લા રજિસ્ટ્રાર અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના ખાસ ઓડિટ રિપોર્ટમાં ખુલાસો થયો કે, મંત્રીએ હિસાબી સોટવેર (સોફટેક)માં ખોટી એન્ટ્રીઓ કરીને હિસાબો છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. બિન-સભાસદોના નામે લોન દર્શાવી નાણાં ઉપાડી લેવાયા હતા. તપાસમાં બહાર આવ્યું હતુ કે આ કૌભાંડમાં ચાંદનીબેન ઉપરાંત તેમના પતિ જયદીપ મનોજ નાયકા તથા અન્ય લોકોની પણ સંડોવણી છે. અગાઉ સહકારી વિભાગ સમક્ષ ચાંદનીબેને પોતાની ભૂલ સ્વીકારી રકમ ભરપાઈ કરવા જે ચેક આપ્યા હતા, તે પણ બેંકમાં બાઉન્સ થયા હતા. હાલ વલસાડ સીટી પોલીસે ચાંદનીબેન પટેલ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ભગવતસિંહ હરસિંહ રાઠોડે હાથ ધરી હતી.

---

ગઠીયાઓએ હવે તદ્દન નવો જ તુક્કો અજમાવ્યો છેઃ ગેસ બીલ અપડેટના નામે ફ્રોડ

# નોકરાણીને મદદ કરવા જતાં શેઠાણીએ ગુમાવ્યા લાખો

## ઘરકામે આવતી મહિલાને ગેસ બીલ અપડેટ માટે રૂપિયા તેર ટ્રાન્સફર કરવાના હતાંઃ તેના ફોનથી ન થતાં શેઠાણીએ એપીકે ફાઇલ પોતાના ફોનમાં મંગાવી મદદ કરી અને ધડાધડ સાડા ચાર લાખ ગુમાવી દીધા

રાજકોટ તા. ૧.૩

ઓનલાઇન સાયબર ક્રાઇમ આચરી રહેલા સાયબર ગઠીયાઓએ વધુ એક ઠગાઇ કરી લીધી હતી. જેમાં ઓનલાઇન ગેસ બીલ અપડેટ કરવાના નામે ઘરઘાટી મહિલાનો વિશ્વાસ જીતી સાડા ચાર લાખ ઉસેડી લેવાયા હતાં. બીલ અપડેટ કરવા માટે ગઠીયાઓએ તેર રૂપિયા ટ્રાન્સફર કરવા કહ્યું હતું. આ પ્રોસીઝર બાદ એપીકે ફાઇલ મોકલાઇ હતી. જે ઇન્સ્ટોલ કરતાં જ ફોન હેક થઇ ગયો હતો અને બેંક ખાતુ ખાલી થઇ ગયું હતું.

નવતર ઠગાઇની આ ઘટના પર નજર કરીએ તો ગાંધીનગરના અદાણી શાંતીગ્રામમાં ઘરઘાટી મહિલાનું તેર રૂપિયા ભરીને ગેસ બિલ અપડેટ કરવાના બહાને વિશ્વાસ સંપાદન કરી ભેજાબાજોએ મહિલા અને તેમના પતિના એક્સિસ બેંકના સંયુક્ત ખાતામાંથી એક ઝાટકે રૂ. ૪.૫૦ લાખની રકમ ઉપાડી લઈ ઠગાઈ આચરવામાં આવતા અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી. ગાંધીનગરના અદાણી શાંતીગ્રામના વોટરલીલી એપાર્ટમેન્ટમાં મકાન નંબર બી/૩-૫૦૨માં રહેતા શૈલીબેન મયુરભાઈ શાહના ઘરે બપોરે ઘરઘાટી હિના દંતાણી નામની મહિલા કામ કરવા આવી હતી. તે દરમિયાન હિનાના મોબાઇલ નંબર પર એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો, જેમાં ગેસનું બિલ બાકી હોવાનું જણાવી ગેરમાર્ગે દોરવામાં આવી હતી.

ફોન કરનાર ગઠિયાએ હિનાને જણાવ્યું હતું કે, ગેસ એજન્સીના મેસેજ ચાર્જ પેટે માત્ર તેર રૂપિયા ભરવાના બાકી છે અને તે ચૂકવવા માટે તેના ફોન પર એક એપીકે ફાઇલ મોકલવામાં આવી હતી. આથી તેણે વોટ્સએપ પર આવેલી ફાઇલ ખોલીને પેમેન્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટેકનિકલ કારણોસર તેમના ફોનમાંથી રૂપિયા ભરાયા નહોતા. જે બાબતે તેણે ઘર માલિક શૈલીબેનને વાત કરી હતી. ઘરે કામ કરતી મહિલાનું ગેસ કનેક્શન અચાનક બંધ થઈ જવાની ચિંતા રાખી શૈલીબેન




શાહે મધ્યસ્થી કરી હતી. ઠગોએ શૈલીબેનને પોતાના મોબાઈલમાંથી પ્રક્રિયા કરવાનું કહ્યું હતું.

આ પછી ઘરધણી શૈલીબેને પોતાના મોબાઇલમાં અદાણી ગેસ બીલ અપડેટ.એપીકે નામની એપ્લિકેશન ફાઇલ મંગાવી હતી. શૈલીબેને માત્ર તેર રૂપિયા ભરવા માટે ગુગલ પે નો ઉપયોગ કર્યો હતો પરંતુ પેમેન્ટ ન થતાં તેમણે પોતાના એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડની વિગતો નાખવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આખી પ્રક્રિયા શંકાસ્પદ જણાતા તેમણે ત્વરિત પ્રોસેસ અધવચ્ચે જ અટકાવી દીધી હતી અને અજાણ્યા શખ્સને જણાવી દીધું હતું કે તેઓ ઓનલાઇન પેમેન્ટ નહીં કરે જરૂર હોય તો કોઈને ઘરે મોકલી આપજો. આટલું કહીને તેમણે ફોન કાપી નાખ્યો હતો.

પરંતુ ગઠીયાઓએ પોતાનું કામ પતાવી લીધુ હતું. બાદમાં થોડીવારમાં જ શૈલીબેનના મોબાઈલ પર બેંક વ્યવહારો અને મેસેજ આવ્યા હતા.જેના કારણે તેમણે કોઈપણ તાત્કાલિક પોતાના તમામ બેંક ખાતાઓ બ્લોક કરાવી દીધા હતા. અને સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફોન કરીને સમગ્ર ઘટનાની સત્તાવાર માહિતી નોંધાવી દીધી હતી. ગઠીયાઓએ શૈલીબેન અને તેમના પતિ મયુરભાઈનું એક્સિસ બેંકનું એક જોઈન્ટ એકાઉન્ટ તાત્કાલિક બંધ કરાવવાનું અજાણતાં જ રહી ગયું હતું અને બીજા જ દિવસે રૂપિયા સાડા ચાર લાખ રૂપિયા ઉપડી ગયાનો મેસેજ શૈલીબેનના ફોન પર ટપક્યો હતો. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

આમ ગઠીયાઓ આરટીઓના ઇ-ચલણ, લગ્નની નિમંત્રણ પત્રિકાઓના નામે તેમજ બેંક કેવાયસી કે ક્રેડીટ કાર્ડ અપડેટના નામે એપીકે ફાઇલ મોકલી ફ્રોડ આચરતાં હતાં તે હવે નવો એક તુક્કો લાવ્યા છે. જેમાં ગેસ બીલ અપડેટના નામે એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરવામાં આવી રહી છે. આ પ્રકારની કોઇપણ એપીકે ફાઇલ મોબાઇલમાં વ્હોટ્સએપ કે મેસેજ મારફતે આવે તો તે જાણ્યા વગર ખરાઇ કર્યા વગર ઓપન કરવી જ નહિ. ગઠીયાઓ ક્યારે કેવા તુક્કા સાથે આવી ફાઇલ મોકલે ત નક્કી હોતું નથી. આવા ફ્રોડથી બચવા માટે ખુબ જ જાગૃત બની જવું જરૂરી છે. સાયબર ક્રાઇમ પોલીસ તેનું કામ કરતી હોય છે. પરંતુ ગઠીયાઓ તેના કરતાં અનેક ડગલા આગળ રહીને ગઠીયાગીરીને અંજામ આપી રહ્યા છે તે હકિકત છે.

# મેઘરાજાની ફરી એન્ટ્રી : ૨ ઈંચ વરસાદ

## ધરતીપુત્રમાં હરખની હેલી : ગોંડલ રોડ, ઢેબર રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ

રાજકોટ, તા. ૧૪

રાજકોટ શહેરમાં એક મહિના બાદ ફરી મેઘરાજાએ મહેર કરી છે. ગણેશજીની સ્થાપનાના દિવસે જ રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. શહેરના ગોંડલ રોડ, ઢેબર રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. લાંબા વિરામ બાદ રાજકોટ શહેરમાં વરસાદ શરૂ થતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. શરૂઆતમાં ધીમી ગતિએ પડેલા વરસાદ બાદ વરસાદની તીવ્રતામાં સતત વધારો થયો છે. રાજકોટ શહેરના ગોંડલ રોડ, ઢેબર રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા શહેરનું વાતાવરણ એકાએક પલટાયું છે.

માત્ર રાજકોટ શહેર જ નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ હાજરી પુરાવી છે. ધોધમાર વરસાદથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ધરતીપુત્રો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો છે. રાજકોટ જિલ્લાના ધોરાજી અને ઉપલેટામાં પણ વરસાદ વરસ્યો છે. એક મહિના બાદ વરસેલા વરસાદથી રાજકોટ જિલ્લાના ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી રહી છે. મેઘરાજાના હેતથી ધરતીપુત્રોને ખેતી માટે આશા બંધાઈ છે. સારા વરસાદથી પાકને પણ ફાયદો થવાની ખેડૂતોને આશા છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગઈકાલે નૈઋત્ય મધ્ય પ્રદેશ અને તેને અડીને આવેલા ઉત્તર વિદર્ભ પર રહેલું લો પ્રેશર એરિયા હવે રાજસ્થાન, તેને અડીને આવેલા ગુજરાત વિસ્તાર અને નૈઋત્ય મધ્ય પ્રદેશ પર સ્થિત છે. તેની સાથે સંકળાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન સમુદ્ર સપાટીથી ૭.૬ કિલોમીટર સુધી વિસ્તરેલું છે અને ઊંચાઈ સાથે દક્ષિણ તરફ નમેલું છે. આ સિસ્ટમની અસર ગુજરાતના હવામાન પર જોવા મળી રહી છે. આ ઉપરાંત મોન્સૂન ટ્રફ પણ સક્રિય છે. તે નલિયા, રાજસ્થાન અને ઉત્તર ગુજરાત પર રહેલા લો પ્રેશર વિસ્તારના કેન્દ્રથી રાજગઢ, દમોહ, પેન્દ્રા રોડ, રાઉરકેલા અને દીઘા થઈને બંગાળની ખાડીના વાયવ્ય ભાગ સુધી વિસ્તરેલું છે. લો પ્રેશર સાથે સંકળાયેલો અન્ય એક ટ્રફ નૈઋત્ય મધ્ય પ્રદેશ, વિદર્ભ, તેલંગાણા અને દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી પસાર થઈને પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી સુધી વિસ્તરેલો છે.

હવામાન વિભાગના વેધર રિપોર્ટના મેપ મુજબ, ૧૫ સપ્ટેમ્બરથી ગુજરાતમાં વરસાદની તીવ્રતા ઘટતી જોવા મળી શકે છે. જોકે, આવતીકાલે એટલે કે બુધવારે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા યથાવત છે. અન્ય જિલ્લાઓમાં ગાજવીજ સાથે સામાન્ય વરસાદ પડી શકે છે. હવામાનની સ્થિતિ મુજબ હાલનું લો પ્રેશર અને તેની સાથે સંકળાયેલી સિસ્ટમ ગુજરાત સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિને વેગ આપી રહી છે.

# RMCના પ્રી-મોન્સુન પ્લાનની પોલ ખુલી

### માત્ર પોણા બે ઈંચ વરસાદમાં અનેક વિસ્તારોમાં પાણી-પાણી : કાગળ પર દાવા, રસ્તા પર પાણીઃ તંત્રની બેદરકારીથી વાહનચાલકો અને સ્થાનિકો મુશ્કેલીમાં







રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે ચોમાસા પહેલા પ્રી-મોન્સૂન કામગીરી પાછળ લાખો-કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે. નાળા સફાઈ અને ગટર લાઈનો ખુલ્લી કરવાના મોટા-મોટા દાવાઓ માત્ર કાગળ પર જ રહેતા હોય તેમ લાગી રહ્યું છે. ગઈકાલે માત્ર પોણા બે ઈંચ જેટલા સામાન્ય વરસાદે જ રાજકોટ મહાનગરપાલિકાની તમામ કામગીરીના ધજાગરા ઉડાવી દીધા છે. મવડી વિસ્તારમાં આવેલા પ્રખ્યાત બાપા સીતારામ ચોક ખાતે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે ચારેય તરફ પાણી જ પાણી ભરાઈ ગયા હતા. પોણા બે ઈંચ વરસાદમાં જ આખો ચોક જળમગ્ન થઈ જતા વાહનચાલકોના વાહનો બંધ પડી ગયા હતા અને કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. માત્ર મવડી જ નહીં, પરંતુ શહેરના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

દર વર્ષે ચોમાસું આવે એટલે તંત્ર દાવો કરે છે કે ''આ વખતે ચોમાસામાં પાણી નહીં ભરાય''. તો પછી માત્ર પોણા બે ઈંચ વરસાદમાં જ આવી સ્થિતિ કેમ નિર્માણ પામી? સ્થાનિક રહીશો અને વેપારીઓમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો પહેલા જ વરસાદમાં આ હાલત હોય, તો આગળ જ્યારે ભારે વરસાદ પડશે ત્યારે રાજકોટનું શું થશે? -મોન્સૂન કામગીરીના નામે માત્ર વેઠ ઉતારવામાં આવી હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે મવડી બાપા સીતારામ ચોક અને અન્ય વિસ્તારોમાંથી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં સ્થિતિ વધુ વિકટ બની શકે છે.

### કમિશનર એક્શન મોડમાં : ત્રણ બ્રિજની ક્ષતિઓ બદલ નોટિસનો ધમાકો

# કોર્પોરેશનમાં કમિશનરની ચાબુકથી ખળભળાટ

### ત્રણ બ્રિજના છબરડા છુપાવવા ઈજનેરો મેયરના શરણે : ભૂલોને 'માનવ સહજ' ગણાવી બચાવનો નિષ્ફળ પ્રયાસ

રાજકોટ, તા.૧૪

રાજકોટના નવા રિંગરોડ પર નિર્માણ પામેલા ત્રણ બ્રિજની કામગીરીમાં ગેરરીતિ અને ક્ષતિઓને પગલે મ્યુનિસિપલ કમિશનરે સખત વલણ અપનાવતા રાજકોટ મહાનગરપાલિકાના વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કમિશનર દ્વારા જવાબદાર અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવતા જ મનપાનું રાજકારણ અને વહીવટી તંત્ર ગરમાયું છે. કમિશનરની આ આકરી કાર્યવાહી સામે ઈજનેર એસોસિએશનમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે, જેના પરિણામે અધિકારીઓ અને ઈજનેરો ન્યાયની ગુહાર લગાવવા સીધા મેયરના શરણે પહોંચ્યા છે. નવા રિંગરોડના ત્રણ મહત્વના બ્રિજના કામકાજમાં સામે આવેલી વિસંગતતાઓને પગલે કમિશનરે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવી છે. તેમણે આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા અધિકારીઓ સામે દંડાત્મક પગલાં ભરવાની તૈયારી દર્શાવી કારણદર્શક નોટિસ આપતા મનપામાં સન્નાટો વ્યાપી ગયો છે.

કમિશનરના આકરા વલણ સામે મનપાના ઈજનેર એસોસિએશને ભારે અસંતોષ વ્યક્ત કર્યો છે. અધિકારીઓ સામે એકતરફી કાર્યવાહી થઈ રહી હોવાની લાગણી સાથે ઈજનેરોનું પ્રતિનિધિમંડળ મેયર સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યું હતું. ઈજનેરોએ મેયરને મળીને પોતાની રજૂઆત કરી હતી અને મામલાને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા વિનંતી કરી હતી.બ્રિજની કામગીરી મુદ્દે શરૂ થયેલો આ તણાવ હવે કમિશનર વિરુદ્ધ ઈજનેરો વચ્ચેના સીધા સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો છે. એક તરફ કમિશનર કડક કાર્યવાહીના મૂડમાં છે, તો બીજી તરફ મેયર પાસે પહોંચેલા ઈજનેરો પોતાની વાત મનાવવા મક્કમ દેખાઈ રહ્યા છે.



### 'માનવ સહજ ભૂલો થાય': કુંતેશ મહેતા

**આ સમગ્ર વિવાદ અંગે પ્રતિક્રિયા આપતા છઅઈ અધિકારી કુંતેશ મહેતાએ કમિશનરની નોટિસનો નિયમ મુજબ જવાબ આપવાની વાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે**

- વાત રજૂ કરવાનો અધિકારઃ દરેક ઈજનેર અને અધિકારીને પોતાની બાજુ રજૂ કરવાનો સંપૂર્ણ અધિકાર છે.
- માનવ સહજ ભૂલઃ મોટા પ્રોજેક્ટ્સ દરમિયાન 'માનવ સહજ ભૂલો' થવાની શક્યતા રહેલી હોય છે, જેને ગંભીર ગેરરીતિ કે ગુનો ગણી ન શકાય.મનપા તંત્ર દ્વારા જે નોટિસ આપવામાં આવી છે, તેનો કાયદાકીય અને નિયમાનુસાર યોગ્ય સ્પષ્ટતા સાથે જવાબ આપવામાં આવશે.

### રાજકીય શરણાગતિ કે કડક પગલાં? મનપામાં ભારે ગરમાવો

શો-કોઝ નોટિસ મળતા જ RMCનું ઈજનેર તંત્ર જે રીતે મેયરના શરણે દોડી ગયું છે તેનાથી એક વાત સ્પષ્ટ થાય છે કે તંત્રમાં શિસ્ત અને ગુણવત્તા નામની કોઈ વસ્તુ બચી નથી. કમિશનરના એક્શન મોડથી ફફડી ગયેલા અધિકારીઓ હવે પોતે આપેલા જવાબો અને રાજકીય આકાઓના જોરે બચી નીકળવાના પેંતરા રચી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે કમિશનર આ બેદરકાર અધિકારીઓ સામે આકરા પગલાં ભરીને દાખલો બેસાડે છે કે પછી રાજકીય દબાણ સામે આ મામલો પણ રફેદફે કરી દેવામાં આવશે.

### પોતાની નાકામી છુપાવવા મેયર સમક્ષ રજૂઆત અને એસોસિએશનનો રોષ

પ્રજાના કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થતા ડ્રીમ પ્રોજેક્ટ્સમાં ઘોર બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે જ્યારે શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા, ત્યારે સુધરવાને બદલે ઈજનેર એસોસિએશનમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાની નબળી કામગીરીનો સ્વીકાર કરવાને બદલે અધિકારીઓએ એકજૂથ થઈને રાજકીય આશરો લેવાનો ખેલ શરૂ કર્યો છે. કમિશનરની ન્યાયી અને કડક કાર્યવાહી સામે વાંધો ઉઠાવીને આ અધિકારીઓ મેયર સમક્ષ દબાણ લાવવાના કીમિયા અજમાવી રહ્યા છે, જેથી પોતાની સામે થનારી આકરી કાર્યવાહી અટકી જાય.

### મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગની ઘોર બેદરકારી અને શંકાસ્પદ કામગીરીને કારણે ગેરકાયદે બાંધકામો સામેની ઝુંબેશ માત્ર કાગળ પર જ સમેટાઈ

# મનપાના ટીપી વિભાગની શંકાસ્પદ ભૂમિકા ?

## ૧૫૪૮ ગેરકાયદેસર બાંધકામોની ફાઈલો અભેરાઈએ, ૩૬૮ રિઝર્વ પ્લોટ પર ભૂમાફિયાઓનો કબજો

રાજકોટ, તા.૧૪

ટીઆરપી ગેમઝોનની ભયાનક દુર્ઘટના બાદ એવું લાગતું હતું કે તંત્ર જાગશે અને શહેરભરમાંથી ગેરકાયદેસર બાંધકામોનો સફાયો થઈ જશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ (ટીપી) વિભાગની ઘોર બેદરકારી અને શંકાસ્પદ કામગીરીને કારણે ગેરકાયદે બાંધકામો સામેની ઝુંબેશ માત્ર કાગળ પર જ સમેટાઈ ગઈ છે. સમયસર ટીપીઓની નિમણૂક ન થતાં અને ભ્રષ્ટ નીતિરીતિના કારણે આશરે ૧૫૪૮ જેટલા ગેરકાયદેસર બાંધકામોની ફાઈલો અભેરાઈએ ચડાવી દેવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સમગ્ર શહેરમાંથી ૨૬૦૪ ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કરવાની હતી, પણ તંત્રએ માત્ર ૧૦૫૬ પર જ પંચનામું કરી સંતોષ માન્યો. બાકીના ૧૫૪૮ બાંધકામો કાયદેસર કરી દેવાયા કે પછી તેમની ફાઈલો ગાયબ કરી દેવાઈ, તે મોટો સવાલ છે.

હાલમાં ઈસ્ટ ઝોનમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ભારે તેજી જોવા મળી રહી છે. પરંતુ આ તેજીની આડમાં પ્લાન મુજબ માર્જિન અને પાર્કિંગની જગ્યા છોડ્યા વિના જ બેફામ બાંધકામો ખડકાઈ રહ્યા છે. સ્થાનિક નાગરિકો દ્વારા વારંવાર લેખિત ફરિયાદો કરવા છતાં, નાણાબળ અને રાજકીય સત્તાના જોરે આ તમામ ફરિયાદોને દબાવી દેવામાં આવે છે. ચોક્કસ ખાનગી મિલકતદારોને બચાવવા માટે ટીપી વિભાગમાંથી જ ફાઈલો ગુમ કરી દેવાતી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. છેલ્લા બે વર્ષથી ટીપી વિભાગ મુખ્ય અધિકારી વગર ચાલી રહ્યો હોવાથી ગેરકાયદે બાંધકામ કરતા ભૂમાફિયાઓને ખુલ્લો દોર મળી ગયો હતો. સેંકડો ગેરકાયદે મિલકતો ઊભી થઈ ગયા બાદ માત્ર દેખાડા ખાતર અમુકને જ નોટિસો અપાઈ. આ મામલે જ્યારે તંત્રને પૂછવામાં આવે છે ત્યારે ''આવા બાંધકામો તો નિરંતર ચાલુ જ રહેવાના'' તેવો લૂલો બચાવ કરીને જવાબદારીમાંથી છટકી જવાનો પ્રયાસ કરાય છે. જાગૃત નાગરિકો અને શહેરજનો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે, ગેમઝોન જેવી મોટી દુર્ઘટનાઓ બન્યા પછી પણ જો મનપાનું તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી નહિ જાગે અને ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં નહિ લે, તો સામાન્ય જનતાના જીવ અને સરકારી જમીનો બંને જોખમમાં જ રહેશે.

ટીઆરપી ગેમઝોનની ભયાનક દુર્ઘટના બાદ એવું લાગતું હતું કે તંત્ર જાગશે અને શહેરભરમાંથી ગેરકાયદેસર બાંધકામોનો સફાયો થઈ જશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ (ટીપી) વિભાગની ઘોર બેદરકારી અને શંકાસ્પદ કામગીરીને કારણે ગેરકાયદે બાંધકામો સામેની ઝુંબેશ માત્ર કાગળ પર જ સમેટાઈ ગઈ છે. અગાઉ પણ જાગૃત નાગરિકો દ્વારા આ ગેરકાયદે બાંધકામો અંગે અનેક ફરિયાદો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. સમયસર ટીપીઓની નિમણૂક ન થતાં અને ભ્રષ્ટ નીતિરીતિના કારણે આજે આશરે ૧૫૪૮ જેટલા ગેરકાયદેસર બાંધકામોની ફાઈલો અભેરાઈએ ચડાવી દેવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.



### મનપાના ૩૬૮ અનામત પ્લોટ પણ દબાણગ્રસ્ત!

નગર રચના યોજના હેઠળ રાજકોટ મનપાને વિવિધ હેતુઓ માટે વેસ્ટ ઝોનમાં ૧૦૧૬, સેન્ટ્રલ ઝોનમાં ૩૦૪ અને ઈસ્ટ ઝોનમાં ૩૦૦ મળી કુલ ૧૬૨૦ અનામત (રિઝર્વ) પ્લોટ મળેલા છે. આ સરકારી સંપત્તિની સ્થિતિ પણ દયાજનક છે જેમાં મનપા દ્વારા વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરાયા ૭૦૮ પ્લોટ, મહાનગરપાલિકાના પ્રત્યક્ષ કબજા હેઠળ ૫૪૪ પ્લોટ અને ૩૬૮ પ્લોટ એવા જે આજે પણ દબાણગ્રસ્ત છે અને તંત્ર તેનો કબજો મેળવવામાં નિષ્ફળ નીવડ્યું છે.

### નોટિસોનો સડાકો પણ ડિમોલિશનમાં ભારે પક્ષપાત

મનપાના ત્રણેય ઝોનમાંથી ફરિયાદોના આધારે નોટિસ (૨૬૦/૨) આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, આ આંકડાકીય રમત પાછળનો ભેદ ખુલ્લો પડી ગયો છે. પશ્ચિમ ઝોનમાં કુલ ૪૧૩ મિલકતોને નોટિસ અપાઈ હતી, જેમાંથી માત્ર ૩૮ મિલકતો પર જ બુલડોઝર ફર્યું. સેન્ટ્રલ ઝોનમાં કુલ ૫૧૩ મિલકતોમાંથી માત્ર ૧૫ જ ગેરકાયદેસર બાંધકામો દૂર કરાયા.પૂર્વ (ઈસ્ટ) ઝોનમાં સૌથી વધુ ૧૬૭૮ મિલકતોને નોટિસ પાઠવવામાં આવી હતી, જેમાંથી ૧૦૦૩ પર ડિમોલિશન હાથ ધરાયું.